સુવિચાર
જીવનને કવિ હૃદય બનાવો. કવિની વાત ફક્ત કવિ જ જાણે એમ નહિં. પણ આપણે પણ વાસ્તલ્યભાવથી દરેક વાત જાણી શકીએ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૭/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૮૪

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૧૮-૦૭-૨૦૨૩, મંગળવાર
તા. ૧૯-૦૭-૨૦૨૩, બુધવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## લીલીયા, વડિયા, ધારી અને ખાંભામાં પોણો ઈંચ વરસાદ

# અમરેલી પંથકમાં વધુ એક ઈંચ વરસાદ

**શહેરમાં બપોરનાં ૩ થી ૬ વાગ્યા સુધીમાં એક ઈંચ જેટલો વરસાદ પડયો**

**અમરેલીમાં ચાલુ વર્ષમાં કુલ વરસાદ સરેરાશ વરસાદની સમકક્ષ થઈ ચુકયો**

**વડિયા પંથકમાં સરેરાશ કરતાં પણ વધુ વરસાદ પડી જતાં સૌ કોઈમાં હાશકારો**

**સમગ્ર જિલ્લામાં સમયસર અને પુરતા પ્રમાણમાં વરસાદ પડવાથી ખૂશીનો માહોલ**





અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં આજે વધુ એક ઈંચ તો લીલીયા, ધારી, ખાંભા, લાઠી, લીલીયા પંથકમાં પણ અર્ધાથી પોણો ઈંચ વરસાદ પડેલ છે. જિલ્લામાં સરેરાશ વરસાદની સમકક્ષ વરસાદ પડી જતાં ખૂશીનો માહોલ છવાયો છે.

અમરેલી જિલ્લામાં વરસાદની આગાહીનાં પગલે આજે અમરેલી શહેર તથા આજુબાજુના વિસ્તાર ઉપર મેઘાએ મંડાણ કર્યા હતા. જેને લઈ બોપરથી જ ધીમીધારે વરસાદ પડયો હતો.

ધારી ગીર પંથકમાં મેઘરાજા વરસ્યા હતા જેમાં ધારી ગીરનાં ઝર, મોરઝર, હુડલી, પરબડી, ખીચા, છતડીયા, ચલાલા, ઢોલરવા, માણાવાવ, ગોપાલગ્રામ, દહિડા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં અવિરત ધીમીધારે વરસાદ વરસતા ધારી પંથકમાં ચિંતાનું મોજું ઉભું થયેલ છે. જેને લઈ ગીરના ગામડાઓમાં વરસાદ વરસતા ખેડૂતોની મુશ્કેલીઓ વધી હોવાનું જાણવા મળેલ છે.

લાઠી શહેર તથા તાલુકા વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ થયો હતો. લાઠી પંથક સાથે જિલ્લાભરમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે.

અનુસંધાન પાના ૬ ઉપર

**બિલખા જવાનું હોય વૃધ્ધ પગથીયુ ચુકયા**

## ધારીનાં રેલ્વે સ્ટેશન ઉપર ચાલું ટ્રેને ચડવા જતાં મુસાફર નીચે પટકાયા

**સારવાર અર્થે રાજકોટ ખાતે ખસેડાયા**



અમરેલી, તા. ૧૮

ધારી ખાતે નવી વસાહતમાં રહેતા મહમદ અલીભાઈ હાલાણી નામનાં ૭૨ વર્ષિય વૃધ્ધ આજે ધારીથી ટ્રેનમાં બેસી અને બિલખા જવા માટે થઈ ચાલું ટ્રેને બેસવા જતાં અકસ્માતે તેમનો પગ લપસી જતાં તેમને ગંભીર ઈજાઓ થતાં પ્રથમ ધારી અને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

**માર્ગ-મકાન વિભાગે નિયમાનુસાર યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ**

## સાવરકુંડલાનાં ખોડીયાણા અને આંબરડી ગામને જોડતા બ્રિજનું ડાઈવર્ઝન ધોવાઈ જતાં પરેશાની

**સતત પાણી ભરાઈ રહેતા વાહનચાલકોને ભારે મુશ્કેલી**




સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાનાં ખોડીયાણા ગામ અને આંબરડી ગામને જોડતા બ્રિજની હાલ બે મહિનાથી કામગીરી શરૂ છે ને બ્રિજની શરૂઆત થતાં બાજુમાં ડાયવર્ઝન કાઢેલ હતું. પણ ધાતર વડી નદી પર વહેતા પાણીના પૂર પ્રકોપથી ડાયવર્ઝન ધોવાઈજાય છે ને જેની હાલાકી ખોડીયાણાવાસીઓને વેઠવી પડે છે. ખોડીયાણાથી આંબરડી આવવાનાં આ માર્ગ પર ડાયવર્ઝનમાં પાણી હોવાથી વાહનો ચાલી શકતા ના હોવાથી ના છૂટકે વાહનચાલકોને છેક આદસંગ ગામ થઈને આંબરડી

અનુસંધાન પાના ૬ ઉપર

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

શિક્ષકો જોઇએ છે
શ્રી ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી ઓ.પી. ઝાટકીયા હાઇસ્કૂલ ગોપાલગ્રામ માટે શિક્ષકો જોઇએ છે.
ધો. ૧૧ (સામાન્ય પ્રવાહ) સેલ્ફ ફાઇનાન્સ
અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન-કોમ્પ્યુટર
જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૧/૦૭/૨૦૨૩ ને શુક્રવારના રોજ બપોરના ૨:૩૦ કલાકે શાળામાં ઇન્ટરવ્યુ માટે આવવું
સ્થળ : શ્રી ઓ.પી. ઝાટકીયા હાઈસ્કૂલ
મુ. ગોપાલગ્રામ, તા. ધારી. જી. અમરેલી.
આચાર્યશ્રી સંપર્ક નં. ૯૪૨૬૨ ૬૪૬૫૪-૮૨૦૦૧૨૭૦૮૯
આચાર્યશ્રી ઓ.પી. ઝાટકીયા હાઇ. ગોપાલગ્રામ
મેનેજીંગ ટ્રસ્ટશ્રી ઓ.પી. ઝાટકીયા હાઇ. ગોપાલગ્રામ

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

**મણિનગર વિસ્તારની ઘટના**

## અરેરાટી : અમરેલીમાં યુવકે પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો

**માત્ર ૨૫ વર્ષની વયે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં મણીનગર વિસ્તારની પાછળ આવેલ બાગે જોહરા સોસાયટીમાં રહેતા સાહિલભાઈ અસલમભાઈ અગવાન નામનાં ૨૫ વર્ષિય યુવકે ગત તા. ૧૬નાં રોજ રાત્રે કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાંક મકાને રૂમનાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા યુવકનું મોત નિપજયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ઘરમાં ત્રણ ધૂણીને ભુઈને મદદ કરનારા જાથા સમક્ષ રડવા લાગ્યા

# વેરાવળના સોનારીયા ગામમાં ભૂઈની ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

**હોમ–હવનની વિધિના નામે વીશ હજારની ફી વસુલતી ભુઈ રડવા લાગી**

**દીકરાની વહુ રિસામણે ગામના દુઃખ–દર્દ મટાડતી હતી**

**વા–કેન્સરના દર્દીને પગે દોરો બાંધી ઉપચાર કરતી હતી**

**ભુઈની આઠ વર્ષની કપટલીલા કાયમી બંધ કરાવતું વિજ્ઞાન જાથા**




અમદાવાદ, તા. ૧૮

ગીર સોમનાથ જિલ્લાના સોનારીયા ગામમાં ઘરમાં માતાજીનું સ્થાનક બનાવી છેલ્લા આઠ વર્ષથી ધૂણીને ધતિંગલીલા કરનાર ભુઈ ભેનીબેન જયંતિલાલ પરમારનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે પ્રભાસપાટણ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૩૦ મો સફળ પર્દાફાશ કર્યો હતો. વા, કેન્સરના દર્દીઓની જીંદગી સાથે ખિલવાડ કરનાર ભુઈની કપટલીલા જાથાએ કાયમી બંધ કરાવી હતી.

બનાવની વિગત પ્રમાણે રાજકોટ સ્થિત વિજ્ઞાન જાથાના કાર્યાલયે સુત્રાપાડાના પીડિત પરિવારે આપવિતીમાં માહિતી આપી તેમાં સોનારીયા ગામની ભુઈ ભેનીબેન છેલ્લા ૧૫ વર્ષથી ઘરમાં માતાજીના સ્થાનકે લોકોના દુઃખ–દર્દ, સગપણ, અસાધ્ય રોગ મટાડવો, જોવાનું કામ કરે છે. ઘરના ત્રણ સદસ્યો ધૂણીને ભુઈને મદદ કરી રૂપિયા હોમ–હવનના નામે ખંખેરે છે. પરિવારોને અંદરોઅંદર ઝગડો કરાવે, ખોટા નામ આપી વૈમનસ્ય ફેલાવે છે. ચાર દિકરા ધરાવતી ભુઈની ભાવેશની પત્નિ રિસામણે છે. બે કોમના પ્રેમી યુગલના લગ્ન કરાવી આપવા, વશીકરણને ધંધો બનાવી છેતરપિંડી કરે છે. ગામના લોકો નારાજ છે. જિલ્લા ઉપરાંત મુંબઈ સુધીના દુઃખી લોકો ભુઈ પાસે આવે છે. આખા ઘરનું ગુજરાન દોરા–ધાગાના કારણે ચાલે છે. વાકચાર્તુય ધરાવતી ભુઈના કરતુતો સંબંધી વાત મુકી હતી. ભુઈના ત્રાસથી મુકત કરાવવા જાથા સમક્ષ હકિકત આવી હતી.

વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયાએ સોનારીયા ગામે ભુઈની હકિકતની ખરાઈ કરવા ડમી તરીકે ભાનુબેન ગોહિલ, શિલ્પાબેન સુરાણી, વિનોદ વામજાને રૂબરૂ મોકલતા ભુઈ દોરા–ધાગા, બિમારને સાજા કરવા, પગે દોરા બાંધવા અને હોમ–હવનના નામે રૂપિયા ખંખેરે છે તે હકિકત સાચી હોવાનું સામે આવ્યું હતું તેથી પર્દાફાશ કરવાનું નક્કી થયું હતું.

જાથાના પંડયાએ ગાંધીનગર ઉચ્ચ અધિકારીઓ, ગિર સોમનાથના એસ.પી., જુનાગઢના આઈ.જી.પી. સહિતને પત્ર પાઠવી પર્દાફાશ માટે પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા જાડેજા જાથાથી પરિચિત હોય વિશેષ પોલીસ બંદોબસ્ત ફાળવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ કાર્યકરો રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, વિનોદ વામજા, અંકલેશ ગોહિલ, સોહિલ રાજદેવ, ભાનુબેન ગોહિલ, શિલ્પાબેન સુરાણી, સ્થાનિક કાર્યકરો સાથે પ્રભાસપાટણ પોલીસ સ્ટેશને પહોંચી ગયા. પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેકટર મકવાણાને રૂબરૂ વાતચીત કરતાં પર્દાફાશ માટે પી.એસ.આઈ. એસ. એસ. ભુવા, હેડ કોન્સ્ટે. કનકસિંહ કાગડા, મહિલા પોલીસ કર્મીઓ અલ્પાબેન કરશનભાઈ, મનિષાબેન ભુપતભાઈ, તેજલબેન કિશોરનાથ, ભારતીબેન સોસા, પો.કોન્સ્ટે. સુધીરભાઈ ભીખાભાઈ, પો.કોન્સ્ટે. પિયુષભાઈ કાનાભાઈ, કૈલાસસિંહ બારડ, કરણસિંહ બાબુભાઈ સહિત પોલીસવાન, 'ડી' સ્ટાફને પોતાના વાહન લઈને સોનારીયા ગામે ભુઈના ઘરે જાથાનો કાફલો પહોંચી ગયો. ઘરના બધા સદસ્યો હેબતાઈ ગયા. ગામ આખું ઘટના સ્થળે પહોંચવા માંડયું.

જાથાના જયંત પંડયાએ ભુઈ ભેનીબેનને પરિચય આપી ધતિંગલીલા કાયમી બંધ કરાવવા આવ્યા છીએ. હાજર જોવડાવવા આવેલા બે બહેનો પાસે વિગત જાણી શરૂઆતમાં ભુઈનું શરીર કામ કરતું બંધ થઈ ગયું. પોલીસે હિંમત આપી સ્વસ્થ કર્યા. લોકોને ભ્રમમાં નાખવાના, કેન્સરના રોગી ઉપર ઉપચાર કરવા કાયદામાં ગુન્હો બને છે. ભુઈ વિરૂદ્ધ પુરાવા મુકી આસ્થા સાથે ચેડા ન કરવા સલાહ આપી. ભુઈમા અને પરિવાર ભાંગી પડયો હતો. શરણાગતિ સ્વીકારી કાયમી ધતિંગલીલા બંધની ખાત્રી ઘરના બે ભુવાઓ પણ જાથા સમક્ષ કરવા લાગ્યા. પી.એસ.આઈ. ભુવાએ સમજાવટથી કામ લીધું. પોલીસ ડી સ્ટાફ, ઘરની બહાર વ્યવસ્થા સંભાળી. ભુઈ ભેનીબેન અમે રૂપિયા લેતા નથી. મુંબઈથી લોકો જોવડાવા આવે છે. કેન્સરના દર્દીઓને સારુ થાય છે તેવી વાત કરતાં બધા હસી પડયા હતા. ભુઈનો દિકરો ભાવેશની ઘરવાળી ૬ મહિનાથી રિસામણે છે તેનો ઉકેલ ભુઈ પાસે ન હતો. ભુઈનો પતિ જેન્તીભાઈ પરિસ્થિતિ વારંવાર પગે લાગી મામલો પતાવવા રટણ કરતા હતા. મહિલા પોલીસ કર્મીઓએ ઘરના સદસ્યો ઉપર નજર રાખી હતી. કાયદો–વ્યવસ્થાની સતત દેખરેખ રાખી હતી.

કબુલાતનામામાં ભુઈ ભેનીબેન, પતિ જયંતિભાઈ દેવશીભાઈ પરમાર, ભુવો ભાવેશે સહી કરી અંગુઠા મારી જાહેર કર્યું કે છેલ્લા આઠ વર્ષથી ઘરમાં દુઃખ–દર્દ, રોગ મટાડવાનું કામ કરતા હતા. આજથી જોવાનું, દોરા–બાંધવાનું, રોગ મટાડવાના ધતિંગ બંધની ખાત્રી આપીએ છીએ. જે લોકોને દુઃખ થયું હોય તેની જાહેરમાં માફી માંગીએ છીએ. ધતિંગનું બોર્ડ હાથમાં લઈ મામલો થાળે પાડયો હતો. ભુઈના ઘર પાસે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા પરંતુ ભલામણ કરવા ગામમાંથી કોઈ આવ્યું ન હતું. ગામ નારાજ હતું.

જાથાએ પર્દાફાશ સફળ થવાના કારણે ગિર સોમનાથના એસ.પી. મનોહરસિંહ જાડેજા, પો. ઈન્સ. મકવાણા, અધિકારીઓનો આભાર માન્યો હતો. જિલ્લા પોલીસ વડાએ વિશેષ સંભાળ રાખી હતી. પોલીસનો મોટો સ્ટાફ ફાળવ્યો હતો. જાથાએ ૧૨૩૦ મો સફળ પર્દાફાશ કર્યો હતો.

ભુઈના સફળ પર્દાફાશમાં જાથાના અંકલેશ ગોહિલ, વિનોદ વામજા, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, સોહિલ રાજદેવ, ભાનુબેન ગોહિલ, શિલ્પાબેન સુરાણી, પોલીસ અધિકારીમાં ઈન્સપેકટર મકવાણા, પી.એસ.આઈ. ભુવા, હેડ કોન્સ્ટે. કનકસિંહ કાગડા, પિયુષભાઈ કાનાભાઈ, કરણસિંહ બાબુભાઈ, કૈલાસસિંહ બારડ, મહિલા પો. કર્મીઓ અલ્પાબેન કરસનભાઈ, મનિષાબેન ભુપતભાઈ, તેજલબેન કિશોરનાથ, ભારતીબેન સોસા, ડી સ્ટાફે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

રાજયમાં દોરા–ધાગા, ધતિંગની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### વડિયા નજીક આવેલ

## બરવાળા બાવીશી ગામે મિલ્કતમાં ભાગ પડાવવાનાં ઈરાદે પાઈપ માર્યો

**તેજ ગામે રહેતા ૨ ઈસમો સામે નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૧૮

વડિયા તાલુકાનાં બરવાળા બાવીશી ગામે રહેતા રોહિતભાઈ મધુભાઈ વઘાસીયા તથા તેમના કાકાની વડિલો પાર્જીત મિલ્કતમાં તેજ ગામે રહેતા ચંદુભાઈ ભાયાભાઈ વઘાસીયાએ ખોટી રીતે ભાગ પડાવવો હોય. તે વાતનું મનદુઃખ રાખી અને છડિયા તથા અમરેલી કોર્ટમાં કેસ ચાલું હોય. તે વાતનું મનદુઃખ રાખી રોહિતભાઈએ લોખંડનાં પાઈપ વડે તથા એક અજાણ્યા ઈસમે ઢીકાપાટુનો માર મારી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### માર્ગ–મકાન વિભાગ દ્વારા યોગ્ય કરવા માંગ

## ઉના : સનખડા ગામની નદીમાં બેઠા પુલનું ધોવાણ થતાં ગામજનો પરેશાન

**વિદ્યાર્થીઓ અને ખેડૂતો ૩ કિ.મી. દુર ફરવા મજબુર**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૧૮

ઉનાનાં સનખડા ગામની રાવલ નદીમાં બેઠા પુલનું ધોવાણ થતાં વિદ્યાર્થીઓ ખેડૂતોને ૩ કિ.મી. દુર ફરીને જવા મજબુર તંત્ર દ્વારા બેઠા પુલની મરામત કરવા ખેડૂતોની માંગ.

ઉનાના સનખડા ગામની રાવલ નદીનાં સામે કાંઠે આવેલ બોવડીવાવ વિસ્તારમાં ૮૦ જેટલા ખેડૂત પરિવાર વસવાટ કરે છે. આ વિસ્તારનાં વિદ્યાર્થીઓ ગામમાં અભ્યાસ અર્થે જતાં આવતા હોય ત્યારે રાવલ નદીમાં થોડા માસ પહેલા બનાવેલ બેઠા પુલની બંન્ને સાઈડો પુરનાં પાણીનાં કારણે ધોવાય જતાં વાડી વિસ્તારનાં તમામ ખેડૂત પરિવારોને ભારે હાલાકી ભોગવવી પડે છે. અને વિદ્યાર્થીઓને હાલ ત્રણ કી.મી.દુર ખેતરોમાંથી પસાર થઈ ગામ સુધી પહોંચવું મુશ્કેલ બની ગયું હોય જો આ પુલની સાઈડોનું ધોવાણ થયેલ તેને તંત્ર દ્વારા રિપેર કરવામાં આવે તો આ વિસ્તારનાં વિદ્યાર્થીઓ ખેડૂતોની હાલાકી દુર થાય તેમ છે. આથી તંત્ર દ્વારા તાત્કાલિક પુલની મરામત કરવામાં આવે, તેવી ખેડૂતોની માંગણી ઉઠી છે.

## અમરેલી એલ.સી.બી. ટીમે મોબાઈલ ચોરીનો ભેદ ખોલ્યો

રાજુલા, તા. ૧૮

ગત તા.૧/૫ ના રોજ અશ્વિનભાઈ જીવણભાઈ બગડા, રહે. વડવાળા પોતાનાં ઘરેથી વાડી વિસ્તારમાં કામ અર્થે જતા હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા.૭,૦૦૦ નો કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જિલ્લામાં ઈ–એફઆઈઆર થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોનાં ચોરાયેલ વાહન, મોબાઈલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને તા.૧૮નાં રોજ રાજુલા ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા ટાઉનમાંથી યોગેશભાઈ મુળજીભાઈ નાગર, રહે. રાજુલા વાળા એક ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન સાથે મળી આવતા. પકડાયેલ ઈસમને ચોરીનાં મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## બગસરા જૂથ વિકાસ મંડળી લી. ની ૬૯મી વાર્ષિક સાધારણ સભા મળી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૮

બગસરામાં જૂથ વિકાસ મંડળી લી.ની ૬૯ મી સભા મળી હતી. એમાં મંડળીના પ્રમુખ વિઠ્ઠલભાઈ હિરાણીના અધ્યક્ષ સ્થાને લેઉવા પટેલ સમાજ બગસરા ગોકુળપુરા ખાતે મળી હતી. એમાં ખાસ ઉપસ્થિત મનીષભાઈ સંઘાણી હાજર રહ્યા હતા તેમજ મંડળીના પ્રમુખ વિઠ્ઠલભાઈ હીરાણી, ઉપપ્રમુખ ભીખાભાઈ ટીંબડીયા, વિનુભાઈ ઘાડીયા, ભરતભાઈ ભાલાળા, એ.વી. રીબડીયા, મુકતાબેન કથીરિયા, વિલાસબેન ગોંડલીયા, રમેશભાઈ ગોંડલીયા, સંજયભાઈ ભાલાળા, મનસુખભાઈ ખેલૈયા, દિલીપભાઈ ભાલાળા તેમજ અરવિંદભાઈ કાનાણી તથા ભાવેશભાઈ પીપળીયા, નાયબ ખેતી નિયામક લેઉવા પટેલ સમાજના પ્રમુખ રમેશભાઈ સુવા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વિનુભાઈ ઘડીએ સભાનું સફળ સંચાલન કરતા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે મંડળીના પ્રમુખ વિઠ્ઠલભાઈ હિરાણીએ પ્રમુખ તરીકે સંભાળતા જ સભાસદો માટે ઘણી નવી સુવિધાઓ ઉભી કરેલ છે. જેમાં સભાસદોને બેસવા માટે નવા સોફા, ઝેરોક્ષ મશીન, સાતબારની સુવિધાઓ, અરજીઓ પણ મંડળીઓમાંથી તૈયાર કરી દેવામાં આવે છે. બીજે જવાની જરૂર ન રહે આમ સભાસદો માટે ઘણી બધી સુવિધાઓ ઉભી કરેલ છે. તેમ જણાવેલ તેમજ બેંકના મેનેજર કાનાની સભાસદોને બેંક વિશે વિસ્તૃત માહિતી આપી હતી. મંડળીના કર્મચારીઓએ પણ સારી મહેનત કરી મંડળીના વિકાસમાં ફાળો આપેલ છે અને ગત સાલ રૂપિયા ૨૦ લાખ ૩૩ હજારનો નફો કરેલ છે અને સભાસદોને ભેટ તથા ૧૨% ડીવીડન્ટ આપવાની જાહેરાત કરવામાં આવેલ તેમજ શરતભજ્ઞના અધિકારીઓ, કૃભકોના અધિકારીઓએ નેનો યુરીયા અંગેની વિસ્તૃત માહિતી સભાસદોને પૂરી પાડેલ તેમજ અંતમાં ભરતભાઈ ભાલાળાએ આભાર વિધિ કરી હતી. મંડળીની વાર્ષિક સાધારણ સભા પૂર્ણ થયેલ જાહેર કરેલ. મીટીંગ પૂર્ણ થતા સર્વેએ સાથે ભોજનની સુંદર વ્યવસ્થા રાખેલ હતી. તેમ મંડળીના મંત્રી પોપટભાઈ નડિયાધરાની પ્રેસ યાદીમાં જણાવેલ છે.

### અગાઉનાં મનદુઃખનાં કારણે બઘડાટી

## બાબરાનાં છોટુભાઈ ઉપર 3 વ્યકિતઓએ જીવલેણ હુમલો કર્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**


અમરેલી, તા. ૧૮

બાબરા ગામે રહેતા રણજીતસિંહ રામસેવક ગોહિલ નામનાં ૩૨ વર્ષિય વેપારી યુવકનાં કુટુંબી કાકા છોટુભાઈ લખુભાઈને બાબરા ગામે રહેતા દિપુભાઈ પ્રમોદભાઈ, કિશનભાઈ લાડુ તેમજ કલ્લુભાઈ નામનાં ૩ ઈસમો સામે અગાઉ બોલાચાલી થયેલ. તે વાતનું મનદુઃખ રાખી આ ત્રણેય આરોપીઓએ તા. ૧૬નાં રાત્રીનાં સમયે કરીયાણા રોડ ઉપર છોટુભાઈ ઉપર જીવલેણ હુમલો કરી મોઢાનાં ભાગે ઝડબા, નાક ઉપર ફેકચર જેવી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### નેશનલ હાઈ–વે માર્ગ પરની ઘટના

## ઉનાના ગરાળ ગામનાં પાટીયા પાસે ટ્રક ચાલકે કાબુ ગુમાવ્યો

**માટીના ઢગલા પર ટ્રક ચડી જતા જાનહાની ટળી**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ઉના–ભાવનગર નેશનલ હાઈ–વે રોડ પર આવેલ ગરાળ ગામનાં પાટીયા પાસે માલવાહક ટ્રક ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક ડ્રાઈવરજન પાસેનાં માટીનાં ઢગલા પર ચડી ગયું હતું. ઘટના મોડી રાત્રે બનતા મોટી હોનારત સર્જાતા બચી ગઈ હતી. અકસ્માતમાં કોઈને જાનહાની થઈ ન હતી અને ટ્રકનાં આગળનાં ભાગનાં બંને વ્હિલો નીકળી જતા નુકશાન થયું હતું.

સોમનાથથી વેરાવળ ઉના–ભાવનગર પરનાં નેશનલ હાઈ–વે પરથી ઔદ્યોગિક વસાહતોમાં સામાન લાવવા લઈ જવા માટે વાહનોની અવર–જવર વધુ હોય છે. જેનાં કારણે આ માર્ગ પર અકસ્માતોનો સિલસિલો યથાંવત રહે છે. ત્યારે મોડી રાત્રિનાં સમયે માલવાહક ટ્રક વેરાવળ થી માલ ભરી પોર્ટ પીપાવાવ જઈ રહેલ હોય ત્યારે ટ્રક ચાલકે કાબુ ગુમાવતા ઉનાનાં ગરાળ ગામનાં પાટિયા પાસે આવેલ ડ્રાઈવરજન પાસે આડા કરેલ. માટીનાં ઢગલા પર ટ્રક ચડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રક ચાલક હરીશભાઈ પરબતભાઈ સુંડાવદરા રહે. પોરબંદર તથા રાયશીભાઈ અરજણભાઈ મોઢવાડીયા નામનાં બન્ને વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. અને અકસ્માત સર્જાતા રોડ પર ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા.

## સાવરકુંડલાનાં વ્હીસલ બ્લોઅર પ્રતાપભાઈ ખુમાણે આવકવેરા અધિકારીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લાની મોટાભાગની ખાનગી હોસ્પિટલમાં દર્દીઓને ફીની પહોંચ અપાતી નથી

**દર્દીઓને તપાસ, લેબોરેટરી કે ઓપરેશન માટે લેવાતી ફીની પહોંચ અપાતી ન હોય હકીકત જાણવા પ્રયત્ન કર્યો**

**પાંચ-દશ રૂપિયાની ખરીદીમાં પણ બિલ લેવાનું કહેવામાં આવે છે તો હજારો રૂપિયા અપાયા બાદ બિલ કેમ મળતું નથી**

**તબીબી વ્યવસાયને તેમના દર્દીઓને બિલ દેવાની કોઈ છુટછાટ સરકાર દ્વારા આપવામાં આવે છે કે કેમ ?**

**જે ખાનગી હોસ્પિટલ મોટું કોઈ ગૃપ ચલાવે છે તેના તરફથી તો બિલ આપવામાં આવી રહ્યું છે**

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનાં વ્હીસર બ્લોઅર પ્રતાપભાઈ ખુમાણે આવકવેરાનાં અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાની મોટાભાગની ખાનગી પ્રેકટીસ કે ખાનગી હોસ્પિટલ ધરાવતા ડોકટર ધ્વારા ઓપીડીમાં જુના-નવા કેઈસ ફી કે ઈન્ડોર પેશન્ટને દાખલ કરેલ/કરો હોય તો તેનું રૂમ ભાડુ સહિતનો ચાર્જ કે કોઈ સંજોગોમાં ઓપરેશન કરવામાં આવેલ હોય તો તે ઓપરેશનનો થતો ચાર્જમાં રોકડ રકમથી લેવડ-દેવડ કરવામાં આવે છે. પરંતુ કયારેય કોઈ પેશન્ટને તેની રીસીપ્ટ આપવામાં આવતી નથી...!!

જો કોઈ ખાસ સ્પે. કાફદો ફકત મેડિકલ-પ્રેકટીશનર માટે બનેલો હોય કે તમામ ડોકટર અને ખાનગી હોસ્પિટલને ચાર્જની રીસીપ્ત આપવામાંથી મુકિત આપવામાં આવી છે કે કેમ ?

જો એકપણ ખાનગી પ્રેટીશનર રીસીપ્ટ આપતા જ ન હોય તો પછી તમામ ડોકટર પોતાની આવક ઈન્કમટેક્ષ રીટર્નમાં કયા આધારે દર્શાવતા હશે...!!!

પેશન્ટને કે મને જયારે કોઈપણ ખાનગી હોસ્પિટલ કે ડોકટર પાસે સારવાર લીધી છે, મને તો કયારેય રીસીપ્ટ મળી નથી.

આ ઉપરાંત ઘણા પેશન્ટ પાસેથી જાણવા મળેલ છે કે, ડોકટર રાત્રે ૯ કલાક પછી જે પ્રથમ ફલોર ઉપર આવેલ પોતાના રેસીડેન્સમાં આરામ કરતા હોય અને કોઈ ઈમરજન્સી કેસ આવે તો સૌ પ્રથમ તેમનો આસીસ્ટન્ટ રૂા. ૧૦૦૦ જમા લે (એ પણ કોઈ રીસીપ્ટ આપ્યા વગર) ત્યારબાદ જ ડોકટર નીચે પધારી કેઈસ હાથમાં લ્યે...!! તો આ ઈમરજન્સી ચાર્જ છે, તે કયા કાયદાકીય જોગવાઈ અનુસાર વગર રીસીપ્ટે વસુલ કરવામાં આવે છે ? કદાચ એવું પણ હોય કે જે રોકડ ચાર્જ વસુલ કરતા હોય તેની દરરોજ રાત્રે પેશન્ટની યાદી મુજબ ઓછી રકમની રીસીપ્ટ બનાવી ઓરીજનલનો નાશ કરતા હોય. હિસાબી ચોપડે તમામ ચાર્જ મામુલી દર્શાવતા હોય. સમગ્ર ગુજરાત રાજય લેવલે ગણતરી કરીએ તો સરકારને આવકમાં કરેલા કરોડો રૂપિયાની ખાદ્ય જતી હશે ?

આપણે સામાન્ય દુકાનદાર બિસ્કીટ કે દૂધ કે અન્ય કોઈપણ પેકીંગમાં જે ચીજવસ્તુઓ વેચતા હોય છે. તેમાં એકાદ બે રૂપિયા વધારે લઈ લીધા હોય તો તેણે જાણે કોઈ ગંભીર પ્રકારનો ગુન્હો કરી નાખ્યો હોય તેવો હોબાળો મચાવી દઈએ છીએ. અમુક તો હાઈવે ઉપર હોટલથી એફબી લાઈવ કરે...!! મારો એક સિધ્ધો સવાલ છે કે આ રિસીપ્ટ નહી આપવાનું તો જગ જાહેર અને અમાસના ઘોર અંધારામાં પણ ચોખ્ખુ દેખાય તે પ્રકારનું કારસ્તાન છે. તો આ બાબતે નાણા મંત્રાલય કે ઈન્કમટેકસ કમિશ્નરનું આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે. ગુજરાત રાજય લેવલે ગણતરી કરીએ તો સરકારને આવકમાં કેટલી જબરદસ્ત ખાદ્ય જાય છે..!!? આ બાબતે યોગ્ય કરવા માંગ કરેલ છે.

## ચલાલાનાં વેપારી અગ્રણીની ડિસ્ટ્રીકટ ચેમ્બરનાં મંત્રી તરીકેની વરણીને આવકાર



ચલાલા, તા. ૧૮

ચલાલા શહેરની સમસ્યા હલ કરવા સતત પ્રયત્નશીલ એવા પ્રકાશભાઈ કારીયાની અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી તરીકે સર્વાનુમતે વરણી થતા ચલાલા શહેરની સામાજીક, રાજકીય, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાના વડાઓ દ્વારા આ વરણીને આવકારી અભિનંદન અને શુભેચ્છાઓનો ધોધ વરસાવી રહયા છે અને શહેરના લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તેમ વેપારી આગેવાન મનસુખભાઈ કાનાણીએ જણાવેલ છે.

## બગસરા શરાફી મંડળીની બોર્ડની મીટીંગ લીલીયા મુકામે યોજાઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા



બગસરા, તા.૧૮

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની બોર્ડ ઓફ ડિરેકટરની મીટીંગ લીલીયાનાં નીલકંઠ મહાદેવ મંદિરનાં સાંનિધ્યમાં મંડળીનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ અને આ સાથે લીલીયા શાખાનાં એમ.ડી.પરીનભાઈ રાજપુરા લીલીયા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે ચુંટાતા તેમજ ડિસ્ટ્રિકટ ચેમ્બરનાં ઉપપ્રમુખ તરીકે વરણી કરાતા તેઓનું મંડળી દ્વારા ભવ્ય સન્માન સમારો યોજાયેલ.

આ બોર્ડ ઓફ ડિરેકટરની મીટીંગમાં આવક-જાવકના હિસાબો રજુ કરાયેલ. જેમાં સભાસદોની આવેલ લોન માંગણીઓ મંજુર કરાયેલ તેમજ બાજપાઈ સહાય નિધિ સહિતની યોજનાના લાભો આપવામાં આવેલ તેમજ વડોદરા મુકામે નવી શાખા ખુલવા જઈ રહી છે. તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ મિટિંગમાં શાખાઓનાં એમડી મહેશભાઈ વ્યાસ, અશ્વિનભાઈ પેથાણી, હરિભાઈ ભટ્ટી, કેતનભાઈ ધકાણ, તનસુખભાઈ ઠાકર, પરીનભાઈ રાજપુરા, અરવિંદભાઈ નાગ્રેચા, સહિતનાં ડિરેકટરઓ તથા શાખાઓનાં એડવાઈઝરી બોર્ડ મેમ્બરો ઉપસ્થિત રહેલ.

આ સાથે લીલીયાના વેપારી અગ્રણી અને સામાજિક ક્ષેત્રે જેમનું મોટું યોગદાન છે. તેવા મંડળીની લીલીયા શાખાનાં એમડી પરીનભાઈ રાજપુરા લીલીયા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તેમજ ડીસ્ટ્રીક ચેમ્બર્સનાં ઉપપ્રમુખ તરીકે વરણી કરાતા તેઓનો સન્માન સમારોહ યોજાયેલ. આ સન્માન સમારોહમાં લીલીયાનાં સરપંચ જીવનભાઈ વોરા, હોમગાર્ડ કમાન્ડર અશોકભાઈ જોશી, મહેન્દ્રસિંહ સરવૈયા, ખોડાભાઈ માલવીયા, વિઠ્ઠલભાઈ વંડરા, રસિકભાઈ વંડરા, જયેશભાઈ ઉનડકટ, ઘનશ્યામભાઈ બારૈયા, જયેશ જોબનપુત્રા, જયેશભાઈ મહેતા, હરિભાઈ ધોરાજીયા, કિશોરભાઈ પાઠક, કાળુભાઈ વાળા, લીલીયા શાખા સેક્રેટરી ધર્મેશ ગાયજન સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમડી નિતેશ ડોડીયાએ કરેલ જયારે આભાર દર્શન જનરલ મેનેજર ડી.જી.મહેતાએ કરેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા નગરપાલિકાએ પ્રશ્નનું નિરાકરણ કર્યુ



સાવરકુંડલા, તા. ૧૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મંત્રી તેમજ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના નામના નહિ પરંતુ કામના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અનુસાર નગરપાલિકાના પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીએ સાવરકુંડલા મહુવા રોડ અક્ષર મંદિર પુલની બંને બાજુ અંધારૂ દૂર કરી લાઈટો લગાડી અંજવાળુ કરવાની સરાહનીય કામગીરી કરવામાં આવી.

## બાબરા ખાતે ગોરમાનું પૂજન દ્વારા પુરૂષોતમ માસની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૮

બાબરામાં પુરષોતમ માસ એટલે કે અધિક માસ ગોપી મહિના તરીકે પણ આ મહિનો ઓળખાય છે. દર ત્રણ વર્ષે આવતા આ મહિનાનું વિશેષ ધાર્મિક મહત્વ રહ્યું છે. આખો મહિનો ભગવાન શ્રી કૃષ્ણની ભકિત કરવામાં આવે છે. માટીનાં ગોર બનાવી તેની મહિલાઓ દ્વારા શ્રદ્ધા અને ભકિતપૂર્વક પૂજન અર્ચન એક મહિના સુધી કરવામાં આવે છે. આો મહિનો એક ટાણું કરી મહિલાઓ વ્રતની ધામધુમથી ઉજવણી કરે છે.

શહેરમાંથી નીલકંઠ મહાદેવ સહિતનાં અન્ય શિવાલયો તેમજ સોસાયટી વિસ્તારમાં સ્થાનિક મહિલાઓ દ્વારા માટીનાં ગોર બનાવી પૂજન અર્ચન કરી પુરષોતમ ભગવાનની વાર્તા સાંભળી નિત્ય આ વ્રત કરે છે. જે આખો મહિનો કરવામાં આવે છે. અધિક માસ પૂર્ણ થયે માટીનાં ગોરનું પાણીમાં વિસર્જન કરી વ્રતનું સમાપન કરવામાં આવે છે.

## અમરેલી ખાતે પુરૂષોતમ માસનો આસ્થાભેર પ્રારંભ : ઠેર-ઠેર પૂજા



અમરેલી, તા. ૧૮

હિન્દુ ધર્મના પવિત્ર પુરૂષોત્તમ માસનો પ્રારંભ આજથી થયો ભકિતભાવપૂર્વક બહેનોએ શિવ મંદિરના વિશાળ પટાંગણમાં ગોરનું પૂજન કરી શિવમય બની ગયા દર ત્રણ વર્ષે આવતા અધિક માસમાં બહેનોના ઉમંગ અને ઉત્સાહનો પાર રહેતો નથી. આમ પણ નારી શકિત અનોખી છે. આખો માસ માત્ર ભકિતભાવપૂર્વક કોઈ પણ પ્રકારના કપટ વિના પૂજન કરતા બહેનો નજરે પડે છે.





### ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### ગુજરાત ATS ની તપાસમાં ઘટસ્ફોટ

# આતંકીઓએ દેશમાં આતંકી હુમલાના લીધા હતા શપથ

## આ બંને ફેસબૂકના માધ્યમથી મળ્યા હતા તેને લાગ્યું કે, ઓસામા સાથે લગ્ન કર્યા પછી તે જલ્દી જ પાકિસ્તાન અને ત્યાંથી અફઘાનિસ્તાન જઈ શકશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત એટીએસ દ્વારા ઝડપાયેલા આતંકીઓ અંગે સૌથી મોટો ખુલાસો થયો છે. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈસ્લામીક સ્ટેટ ઓફ ખોરાસાન પ્રોવિન્સનો વીડિયો ATS દ્વારા રિકવર કરાયો છે. જેમાં જોઈ શકાય છે કે, મહિલા સહિત ચાર આતંકીઓ દેશમાં આતંકી હુમલાના સોગંદ લઈ રહ્યા છે. આ વીડિયોમાં ભારત પર કેવી રીતે ફતેહ મેળવવી તે અંગે આતંકીઓ શપથ લઈ રહ્યા છે. આ આતંકીઓ ખોરસાનના આમિરના નામે શપથ લેતા દેખાઈ રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે, ગુજરાત એટીએસ દ્વારા ઝડપાયેલા ISKP આતંકવાદીઓ હનાન, ઉબેદ, હાઝીમ અને ઝુબેર આ વીડિયોમાં જોવા મળી રહ્યા છે.

તપાસ એજન્સી આ ઘટના લગભગ બે મહિના પહેલા એટલે કે, ધરપકડના લગભગ ૧૫ દિવસ પહેલા બની હોવાનું અનુમાન લગાવી રહી છે. વીડિયોમાં ISISનો ઝંડો પણ દેખાઈ રહ્યો છે. આ ઝંડાને આતંકવાદીઓએ શ્રીનગર પાસેના કબ્રસ્તાનની સામે દાટી દીધો હતો જેને પણ ગુજરાત ATS દ્વારા કબજે કરાયો છે. આ ઉપરાંત ગુજરાત ATS એક પછી એક આ આતંકી ગેંગ વિશે વધુ માહિતી મેળવી રહી છે. ISKP આતંકવાદી સુમૈરાને એવી કટ્ટરપંથી બનાવવામાં આવી હતી કે તે કોઈપણ રીતે અફઘાનિસ્તાન જવા માંગતી હતી. તેણે પહેલા પતિ સાથે છૂટાછેડા લીધા બાદ તેણે અફઘાનિસ્તાન જવાના પ્રયાસમાં ફોન પર પીઓકેના ઓસામા સાથે લગ્ન કર્યા હતા. આ બંને ફેસબૂકના માધ્યમથી મળ્યા હતા. તેને લાગ્યું કે, ઓસામા સાથે લગ્ન કર્યા પછી તે જલ્દી જ પાકિસ્તાન અને ત્યાંથી અફઘાનિસ્તાન જઈ શકશે.

જોકે, તે ઓસામા સાથે વધુ સંપર્ક વધારી શકે તે પહેલા જ ઝુબેર સાથે પણ વાતચીત વધવા લાગી હતી અને ઝુબેરની અન્ય સાથીઓ સાથે અફઘાનિસ્તાન જવાની તૈયારીઓ જોઈને તે પણ પોરબંદરથી જ બોટ દ્વારા અફઘાનિસ્તાન જવા તૈયાર થઈ ગઈ હતી. જોકે આતંકીઓ દરિયાઈ માર્ગે અફઘાનિસ્તાન પહોંચે તે પહેલા જ તમામ આતંકવાદીઓ ઝડપાઈ ગયા હતા. આ આતંકીઓ પોરબંદરના સમુદ્રકિનારેથી ઈરાન થઈ અફઘાનિસ્તાન જાય તે પહેલા રેલ્વે સ્ટેશન ખાતેથી જ પકડી પાડયા છે. તેઓ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈસ્લામીક સ્ટેટ ઓફ ખોરાસાન પ્રોવિન્સ સાથે સંકળાયેલા હોવાનો ઘટસ્ફોટ ત્યારે જ થઈ ગયો હતો. ગુજરાત એ.ટી.એસ.ને માહિતી મળી હતી કે, પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઓફ ખોરાસાન પ્રોવિન્સ (આઈ.એસ.કે.પી) સાથે સંકળયેલ કટ્ટરવાદી યુવાનો ગુજરાતના પોરબંદર દરિયાકાંઠાના માર્ગે ભારત છોડીને જવાની ફિરાકમાં હતા. આ આતંકીઓ ઈરાન થઈને ઈસ્લામિક એમીરાત ઓફ અફઘાનિસ્તાન જવાના હતા. આ માહિતીના આધારે, ગુજરાત એ.ટી.એસ.ની ટીમએ ૯મી જુન, ૨૦૨૩ના રોજ વહેલી સવારે પોરબંદરના રેલ્વે સ્ટેશન પર ચાંપતી નજર રાખીને બેઠા હતા.

આ યુવાનોને આઈડેન્ટીફાઈ કરી વધુ પૂછપરછ માટે અટકાવવામાં આવ્યા હતા. ત્યારે માહિતી મળી હતી કે, આ લોકો તેમના હેન્ડલર અબુ હમઝા દ્વારા કટ્ટરપંથી બન્યા હતા અને તેઓ ઈસ્લામિક સ્ટેટ આફ ખોરાસાન પ્રોવિન્સ (આઈ.એસ.કે.પી) માં જોડાયા હતા. આ અટકાયત કરાયેલ વ્યક્તિઓમાં ઉબેદ નાસિર મીર, શ્રીનગર, હનાન હયાત શોલ, શ્રીનગર અને મોહમ્મદ હાજીમ શાહ, શ્રીનગરનાં છે. આ વ્યક્તિઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતુ કે, તેઓ તેમના હેન્ડલર અબુ હમઝા દ્વારા કટ્ટરપંથી બન્યા હતા અને તેઓ ઈસ્લામિક સ્ટેટ આફ ખોરાસાન પ્રોવિન્સ (આઈ.એસ.કે.પી)માં જોડાયા હતા. તોઓની પૂછપરછમાં એવા પણ ખુલાસા થયા હતા કે, તેમની સાથે અન્ય બે વ્યક્તિઓ, ઝુબેર અહેમદ મુનશી, શ્રીનગર અને સુમેરાબાનુ મોહમ્મદ હનીફ મલેક, સુરત પણ આ જ મોડયુલના સભ્યો છે. જે બાદ આ માહિતીના આધારે, ગુજરાત એ.ટી.એસ.અને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે સુમેરાબાનુ મલેકના ઘરે દરોડા પાડીને તેને ઝડપી પાડી હતી.

---

### નરેન્દ્ર મોદી ૨૭ જુલાઈએ ગુજરાતની મુલાકાતે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ એરપોર્ટનું લોકાર્પણ કરશે

## પીએમમોદીની મુલાકાત દરમિયાન ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશનને નવી ગતિ મળવાની અપેક્ષા

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્રમોદી આગામી ૨૭ જુલાઈએ ગુજરાતની મુલાકાતે આવવાના છે. પીએમ મોદી તેના બે દિવસના પ્રવાસમાં રાજકોટના એરપોર્ટનું લોકાર્પણ કરશે અને સેમિકોન ઈન્ડિયાની બીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કરશે. જે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૨૮ થી ૩૦ જુલાઈ સુધી ચાલશે.

આગામી ૨૭ જુલાઈએ પીએમ મોદી રાજકોટની મુલાકાત લેશે. અહીં તેઓ હિરાસર એરપોર્ટનું લોકાર્પણ કરશે. કલેકટર તંત્ર અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પીએમ મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય ગ્રીન ફિલ્ડ એરપોર્ટ ખુલ્લુ મુકવામાં આવશે. આ એરપોર્ટ તૈયાર થતાં જ જામનગર, જૂનાગઢ, ભાવનગર, કચ્છ, મોરબી અને રાજકોટ સહિતના લોકોને ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે અમદાવાદ સુધી લાંબા નહીં થવું પડે.

આ કાર્યક્રમમાં પીએમ મોદીની સાથે ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવ, વિદેશ મંત્રી એસ જયશંકર અને કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર પણ હાજર રહેશે. પીએમમોદીની મુલાકાત દરમિયાન ઈન્ડિયા સેમિકન્ડકટર મિશન (આઈએસએમ) ને નવી ગતિ મળવાની અપેક્ષા છે. આ ઉપરાંત પીએમ મોદી તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજ્યને વિકાસની અનેક ભેટો આપશે. જેમાં ઉદ્‌ઘાટન અને શિલાન્યાસના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વડાપ્રધાનની ગાંધીનગર મુલાકાતને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

---

### બેંગલુરૂમાં લોકસભાની ચૂંટણી માટે વિપક્ષો એક થયા

# વિપક્ષની બેઠકને હાર્ડકોર ભ્રષ્ટાચાર બેઠક ગણાવતા નરેન્દ્ર મોદી

## જે લોકો જાતિવાદનું ઝેર ફેલાવે છે અને ભ્રષ્ટ્રાચાર કરે છે તેઓ બેંગલુરુમાં દુકાનો ખોલીને બેઠા હોવાનો વડાપ્રધાનનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૧૮

લોકસભા ચૂંટણી માટે બેંગલુરુમાં વિપક્ષો દ્વારા એકજૂથ થઈને બેઠક કરી રહ્યા છે ત્યારે આજે વડાપ્રધાન મોદીએ પોર્ટ બ્લેઅરમાં વીર સાવરકર ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ દરમિયાન વિપક્ષી એક્તા પર આકરા પ્રહારો કર્યા હતા અને આ બેઠકને હાર્ડકોર ભ્રષ્ટાચાર બેઠક ગણાવી હતી. આ સિવાય મોદીએ કહ્યું કે જે લોકો જાતિવાદનું ઝેર ફેલાવે છે અને ભ્રષ્ટ્રાચાર કરે છે તેઓ બેંગલુરુમાં દુકાનો ખોલીને બેઠા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોર્ટ બ્લેર એરપોર્ટ ટર્મિનલ બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કર્યું હતું. આ દરમિયાન તેમણે પૂર્વ સરકારો પર આદિવાસી અને ટાપુ વિસ્તારોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો.

આ સિવાય તેમણે પહેલીવાર તેમણે દિલ્હીના શરાબ કૌભાંડ અને આમ આદમી પાર્ટી પર પણ ઈશારામાં પ્રહારો કર્યા હતા. વિપક્ષી એકતા પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે આ કુળ લોકો એકબીજાના ભ્રષ્ટાચારનો બચાવ કરે છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે જ્યારે દેશની કોઈપણ એજન્સી તેમના પર કાર્યવાહી કરે છે, ત્યારે ટેપ રેકોર્ડર શરૂ થાય છે કે કંઈ થયું નથી. બધું એક ષડયંત્ર છે અને અમને ફસાવામાં આવી રહ્યા છે. તેનો પરિવાર પહેલાથી જ દરેકને કલીનચીટ આપે છે. વડાપ્રધાને કહ્યું કે જ્યારે પણ ભ્રષ્ટાચાર થાય છે ત્યારે તેઓ ચૂપ થઈ જાય છે.

આ સિવાય પીએમ મોદીએ કોઈનું નામ લીધા વિના રાહુલ ગાંધી, એમકે સ્ટાલિનથી લઈને લાલુ યાદવ સુધી બધાને નિશાન બનાવ્યા હતા. તેમણે કહ્યું કે કરોડોના કૌભાંડમાં જો કોઈ દોષિત સાબિત થાય છે તો તે ખાસ બની જાય છે. આ લોકોને ભ્રષ્ટાચાર પ્રત્યે ભારે લગાવ છે. તેથી જ ૨૦ લાખ કરોડના કૌભાંડોની ગેરંટી આપનારા આ લોકો ખૂબ જ આત્મીયતાથી મળી રહ્યા છે. આ લોકો પરિવારવાદના કટ્ટર સમર્થક છે. આ ઉપરાંત બંગાળમાં પંચાયતની ચૂંટણી થઈ અને રક્તપાત થયો, પણ આ લોકો ચૂપ રહ્યા હતા.

પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે હું ભાગ્યશાળી છું કે વર્ષ ૨૦૧૮માં મેં આંદામાનમાં એ જ જગ્યાએ ત્રિરંગો ફરકાવ્યો જ્યાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝે ધ્વજ ફરકાવ્યો હતો. અમારી સરકારે જ નેતાજી સુભાષના નામ પરથી રોસ આઈલેન્ડનું નામ આપ્યું છે. અમારી સરકાર છે જેણે હેવલોક અને નીલ ટાપુને સ્વરાજ અને શહીદ ટાપુ નામ આપ્યું છે.

---

### કોંગ્રેસના નેતાને મોદી સરનેમની ટિપ્પણી પર રાહતની આશા

# રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમમાં ૨૧ જુલાઈએ સુનાવણી

## સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણી કરવા સંમતિ આપી

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 'મોદી સરનેમ' સાથે સંકળાયેલા ગુનાહિત માનહાનિ કેસમાં ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. કોંગ્રેસ વતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને આ મામલે તાત્કાલિક સુનાવણીની માંગણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણી કરવા સંમતિ આપી છે.

આ મામલે ૨૧ જુલાઈએ સુનાવણી થશે. આ અરજી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી દ્વારા દાખલ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈના રોજ આ કેસમાં રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યો હતો. આ મામલામાં નીચલી કોર્ટના નિર્ણય બાદ રાહુલ ગાંધીની સંસદ સભ્યતા રદ્દ કરવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું કે ટ્રાયલ કોર્ટનો આદેશ સાચો છે. આ આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી, તેથી અરજી નકારી કાઢવામાં આવે છે. ૨૦૧૯માં રાહુલ ગાંધીએ મોદી સરનેમ પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

આ મામલે તેમની સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ વર્ષે નીચલી અદાલતે તેમને દોષિત ઠેરવ્યા અને બે વર્ષની સજા સંભળાવી.

રાહુલ ગાંધીએ ૧૩ એપ્રિલ ૨૦૧૯ના રોજ કર્ણાટકના કોલારમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું, નીરવ મોદી, લલિત મોદી, નરેન્દ્ર મોદીની અટક કોમન કેમ છે? બધા ચોરની અટક મોદી કેમ છે? રાહુલના આ નિવેદનને લઈને ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ તેમની વિરુદ્ધ કલમ ૪૯૯, ૫૦૦ હેઠળ ગુનાઈત માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

---

### બેંગલુરૂમાં વિપક્ષોનીબીજી સંયુક્ત બેઠકનો બીજો દિવસ

# નીતિશ માટે બેંગલુરૂમાં અનસ્ટેબલ પ્રાઇમ મીનિસ્ટર ઉમેદવારના પોસ્ટર્સ લાગ્યા

## પોસ્ટર્સમાં બિહારમાં તાજેતરમાં પડેલા બ્રિજની તસવીર પણ લગાવવામાં આવી

બેંગલુરુ, તા.૧૮

વિપક્ષી દળોની બીજી સંયુક્ત બેઠકનો આજે બીજો દિવસ છે. બેઠકમાં કુલ ૨૬ પક્ષ સામેલ થઈ રહ્યા છે.

સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, નીતિશ કુમાર, લાલુ યાદવ, તેજસ્વી યાદવ, એમકે સ્ટાલિન, મહેબૂબા મુફ્તી અને અખિલેશ યાદવ સહિતના કેટલાક નેતા બેંગલુરૂ પહોંચી ગયા છે. આ વચ્ચે નીતિશ કુમાર વિરૂદ્ધ બેંગલુરૂમાં ઠેર ઠેર પોસ્ટર લગાવવામાં આવ્યા છે. કર્ણાટકના પાટનગર બેંગલુરૂના ચાલુક્ય સર્કલ પર પોલીસ કર્મીઓએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર વિરૂદ્ધ લાગેલા બેનરને હટાવ્યા છે.

સંયુક્ત વિપક્ષની બેઠકના બીજા દિવસ પહેલા કેટલીક જગ્યાએ નીતિશ કુમાર પર નિશાન સાધનારા પોસ્ટર અને બેનર લગાવવામાં આવ્યા હતા. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ટાર્ગેટ કરવા માટે બેંગલુરૂમાં કેટલીક જગ્યાએ પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આ પોસ્ટર્સમાં નીતિશ કુમારને 'અનસ્ટેબલ પ્રાઈમ મીનિસ્ટર ઉમેદવાર' બતાવવામાં આવ્યા છે. આટલું જ નહી આ પોસ્ટર્સમાં બિહારમાં તાજેતરમાં પડેલા બ્રિજની તસવીર પણ લગાવવામાં આવી છે.આ બેઠકમાં સોનિયા ગાંધી અને નીતિશ કુમાર બંનેની હાજરી મહત્વની છે. વાસ્તવમાં વાત એ છે કે, તમામ પક્ષોને રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિશ્વાસ નથી. આવી સ્થિતિમાં સોનિયા ગાંધીને પ્રમોટ કરવાનો એક મુદ્દો બની શકે છે. બીજી તરફ નીતીશ કુમાર તેમની સાથે કામ કરશે તો પ્રાદેશિક પક્ષો સાથે તાલમેલ સાધવામાં સરળતા રહેશે. આજે દિલ્હીમાં માત્ર વિપક્ષી પાર્ટીઓની બેઠક જ નહીં પરંતુ એનડીએની એક મોટી બેઠક પણ યોજાવા જઈ રહી છે જેમાં ૩૮ પાર્ટીઓ ભાગ લઈ શકે છે.

---

### સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાને લઈને ગાઈડલાઈન

# ધો. ૧૨માં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાંથી કુલ ૬૬ ગુણનું જ મૂલ્યાંકન કરવાનો આદેશ

## જુના અભ્યાસક્રમ મુજબ સવાલ પુછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા. આખરે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે મૂલ્યાંકન કરવા માટે ગાઈડલાઈન આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૮

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના આંકડાશાસ્ત્ર વિષયની પૂરક પરીક્ષા મામલે મહત્વની અપડેટ સામે આવી છે.

૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાંથી કુલ ૬૬ ગુણનું જ મૂલ્યાંકન કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્રના પેપરમાં ૪૭ પ્રશ્નોમાંથી ૧૬ પ્રશ્નો રદ કરાયા છે. કુલ ૩૧ પ્રશ્નોનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને જેના ૬૬ ગુણ થાય છે. આ આંકડાશાસ્ત્રની પૂરક પરીક્ષા ૧૩ જુલાઈએ લેવાઈ હતી જેમાં અભ્યાસક્રમ બહારના પ્રશ્નો પુછાયા હતા. જુના અભ્યાસક્રમ મુજબ સવાલ પુછાતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા.

આખરે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે મૂલ્યાંકન કરવા માટે ગાઈડલાઈન આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે ગાઈડલાઈન આપવામાં આવી છે.

જેમાં પ્રશ્નપત્રના વિભાગ છ માંથી ૨, ૮, ૯, ૧૦ નંબરના પ્રશ્ન રદ કરાયા જ્યારે વિભાગ B માંથી ૧૨, ૧૯ અને ૨૦ નંબરના પ્રશ્નો રદ કરાયા છે. વિભાગ ઝ માંથી ૨૨, ૩૧ અને ૩૨ નંબરનો પ્રશ્ન રદ કરાયા છે જ્યારે વિભાગ ઢમાં ૩૪, ૩૫, ૩૭, ૪૦ નંબરનો પ્રશ્ન રદ કરાયા છે તેમજ વિભાગ ઈમાંથી ૪૩ અને વિભાગ ≣ માંથી ૪૭ નંબરનો પ્રશ્ન રદ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય વાત છે કે, આ પ્રશ્નનો જવાબ વિદ્યાર્થીઓએ લખ્યો હશે તો પણ તેના ગુણભાર આપવામાં આવશે નહી તેવો બોર્ડ દ્વારા જણાવાયું છે. ૧૦૦ પ્રશ્નોમાંથી ૬૬ ગુણનો મૂલ્યાકન કરવામાં આવશે.

---

### દાળના ભાવને અંકુશમાં લેવા સરકારના પગલા

# સરકાર ભારત દાળના નામથી ૬૦ રૂપિયે કિલો ચણાદાળ વેચશે

નવી દિલ્હી, તા.૧૮

ડુંગળી અને ટામેટાના વધતા ભાવ બાદ હવે સરકાર દાળના ભાવને અંકુશમાં લેવા માટે એકશન મોડમાં છે. કેન્દ્રીય ખાદ્ય મંત્રાલયે દેશમાં ચણાની દાળને સબસિડીવાળા ભાવે વેચવાનો નિર્ણય લીધો છે.

સરકારે ચણાની દાળને 'ભારત દાળ' નામથી બજારમાં ઓછી કિંમતે વેચવાનો નિર્ણય લીધો છે. જેમાં સરકાર ૬૦ રૂપિયા પ્રતિ કિલોના દરે ચણા દાળ વેચશે. જ્યારે ૩૦ કિલોનું પેકેજ ૫૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચવામાં આવશે.

નાફેડ દ્વારા દિલ્હી-એનસીઆરમાં ચણાની દાળ ઓછી કિંમતે વેચવામાં આવી રહી છે. આ ઉપરાંત એનસીસીએફ, કેન્દ્રીય ભંડાર અને મધર ડેરીના સફળ કેન્દ્રોમાં પણ ભારત દાળનું વેચાણ કરવામાં આવશે.

આ બાબતે માહિતી આપતાં કેન્દ્રીય ઉપભોક્તા ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે, દેશમાં સસ્તી ચણાની દાળ ભારત દાળના બ્રાન્ડ નામથી વેચવામાં આવશે. આમાં સરકાર સામાન્ય લોકોને સસ્તી ચણાની દાળ આપશે. આ દાળ દેશભરમાં નાફેડના ૭૦૩ સ્ટોર પર વેચવામાં આવશે.

સરકાર તેની પાસે પડેલા ચણાના સ્ટોકને ચણાની દાળમાં ફેરવીને ગ્રાહકોને રાહત આપવાની કવાયતમાં લાગેલી છે.

ચણાની દાળ ભારતમાં સૌથી વધુ ઉત્પાદિત કઠોળ છે. લોકો સવારના નાસ્તાથી લઈને રાત્રિના ભોજનમાં ચણાની દાળનું સેવન કરે છે. આ ઉપરાંત આ કઠોળ દ્વારા ચણાનો લોટ બનાવવામાં આવે છે, જેનો ઉપયોગ નાસ્તો,નમકીન અને મીઠાઈઓ બનાવવામાં થાય છે. આવી સ્થિતિમાં ઉત્તરથી દક્ષિણ સુધીના તમામ રાજ્યોમાં મોટા પાયે તેનું સેવન કરવામાં આવે છે.

ચણા દાળ પહેલા સરકારે ટામેટાંના વધતા ભાવને જોતા સસ્તા દરે ટામેટાં વેચવાનો નિર્ણય લીધો છે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાનમાં સસ્તા ટામેટાં વેચાઈ રહ્યાં છે. તે જ સમયે, નાફેડ પણ બિહાર, પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોમાં સબસિડીવાળા દરે ટામેટાંનું વેચાણ કરી રહ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, તેમની પાર્ટીને સત્તા કે વડાપ્રધાન પદમાં રસ નથી. ભાજપ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે સત્તાધારી પક્ષના પ્રમુખ અને પક્ષના નેતાઓ જૂના સાથીઓ સાથે સમાધાન કરવા માટે રાજ્ય-રાજ્યમાં દોડી રહ્યા છે.

---

### પૂંછના સિંધરા વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન

# પૂંછમાં સુરક્ષા દળોએ ચાર આતંકીઓને ઠાર કર્યા

જમ્મુ, તા.૧૮

સુરક્ષા દળોએ પૂંછના સિંધરા વિસ્તારમાં સંયુક્ત ઓપરેશનમાં ચાર આતંકવાદીઓને ઠાર કર્યા છે.

સુરક્ષા દળો વચ્ચે પહેલી અથડામણ ગઈકાલે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે થઈ હતી ત્યારબાદ રાત્રિમાં દેખરેખના સાધનો સાથે ડ્રોન તૈનાત કરવામાં આવ્યા હતા. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે ગોળીબાર સાથે આજે વહેલી સવારે સંયુક્ત ઓપરેશન ફરી શરુ થયું હતું. જે ઓપરેશનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે.

ભારતીય સેનાના વિશેષ દળો, રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસના જવાનો અન્ય દળો સાથે ઓપરેશનનો ભાગ હતા. ઓપરેશનમાં માર્યા ગયેલા આતંકવાદીઓ મોટાભાગે વિદેશી આતંકવાદીઓ હોવાની શક્યતા છે અને તેમની ઓળખની ખાતરી કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એલઓસીપારથી, આઈએસઆઈઅને આતંકવાદી સંગઠનોના નેતાઓએ સ્વતંત્રતા દિવસ અને રક્ષાબંધનની આસપાસ મોટી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે આતંકવાદીઓને ઘૂસણખોરી કરવા અને આ તરફ પહોંચવાની સૂચના આપી છે.

૨૫ જૂનના રોજ ચકન દા બાગમાં પણ સુરક્ષા દળોએ આતંકી ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવીને ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ અથડામણમાં સેનાનો એક જવાન પણ ઘાયલ થયો હતો.

---

### શેરબજાર માટે મંગળવાર મંગળમય રહ્યો

# સેન્સેક્સમાં ૨૦૫ અને નિફ્ટીમાં ૩૮ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

## મંગળવારે ૧૩૮૪ શેર વધ્યા, ૧૯૫૮ શેર ઘટ્યા અને ૧૧૮ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો

મુંબઈ, તા.૧૮

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો બીજો દિવસ મંગળવાર મંગળમય રહ્યો. આજે ફરી સેન્સેક્સ અને નિફ્ટીએ નવી ટોચ બનાવી. આજે સેન્સેક્સ પ્રથમ વખત ૬૭ હજારની ઓલ ટાઈમ હાઈ સપાટીએ જોવા મળ્યો હતો, જોકે ઉપલા લેવલથી પ્રોફિટ બુકિંગ આવતાં બજાર થતાં ઘટીને ૬૭ હજારની અંદર બંધ થયો હતો. આજે માર્કેટમાં વધારો થવા છતાં રોકણકોરાની સંપત્તિ ઘટી છે. ગઈકાલે રોકાણકારોની સંપત્તિ ૩૦૩.૮૮ લાખ કરોડ હતી, જે આજે ૩૦૩.૧૧ લાખ કરોડ થઈ છે.

આજે સેન્સેક્સ ૨૦૫.૨૧ પોઈન્ટ વધીને ૬૬,૭૯૫.૧૪ પોઈન્ટ પર અને નિફ્ટી ૩૭.૮૦ પોઈન્ટ વધીને ૧૭,૭૪૯.૨૫ પોઈન્ટ પર બંધ રહ્યા. આ પહેલા ગત બે કારોબારી સત્રમાં સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો વધારો થયો હતો.

આજે ૧૩૮૪ શેર વધ્યા, ૧૯૫૮ શેર ઘટ્યા અને ૧૧૮ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો. ઈન્ફોસિસ, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેકનોલોજી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને હીરો મોટોકોર્પ નિફ્ટીના ટોચના વધનારા હતા, જ્યારે એલટીઆઈ માઈન્ડ ટ્રી, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એચડીએફસી લાઈફ અને ટાઈટન નિફ્ટીના ઘટનારા મુખ્ય શેર્સ હતા.

બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ સપાટ સ્તરે બંધ થયો હતો.આજના ટ્રેડમાં સ્મોલ કેપ અને મિડ કેપ શેર લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૧૫ શેર વધારા સાથે અને ૧૫ ઘટાડા સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી ૨૦ તેજી સાથે અને ૩૦ ઘટાડા સાથે બંધ થયા.

શેરબજાર વધારા સાથે બંધ થયું હોવા છતાં બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓના શેરના માર્કેટ કેપમાં ઘટાડો જોવા મળ્યો છે. આજે કારોબારી દિવસના અંતે બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૩૦૩.૧૧ લાખ કરોડ રૂપિયા રહ્યું, જે સોમવારના કારોબારમાં ૩૦૩.૮૮ લાખ કરોડ રૂપિયા હતું. એટલે કે આજના ટ્રેડમાં માર્કેટ કેપમાં ૭૭૦૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો. શેરબજારની આજની શરૂઆતે મ્જીઈનો ૩૦ શેરનો સૂચકાંક સેન્સેક્સ ૨૩૯.૦૩ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકાના વધારા સાથે ૬૬,૮૨૮.૯૬ ના સ્તરે ખૂલ્યો હતો, જે તેની ઐતિહાસિક સર્વોચ્ચ સપાટી હતી. આ સિવાય એનએસઈનો ૫૦ શેરવાળો ઈન્ડેક્સ નિફ્ટી ૭૬.૦૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકાના વધારા સાથે ૧૯,૭૮૭.૫૦ ના સ્તર પર ખુલવામાં સફળ રહ્યો છે. આ પણ તેનો નવો રેકોર્ડ હાઈ હતો.

### કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વિપક્ષી મોરચાના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો

# લોકસભામાં એનડીએને ધૂળ ચટાડવા વિપક્ષોનું ચક દે ઈન્ડિયા

**ઈન્ડિયાનું પૂર્ણ નામ 'ભારતીય રાષ્ટ્રીય લોકશાહી સર્વસમાવેશી જોડાણ' છે,**
**વિપક્ષી મોરચામાં ૨૬ પક્ષો જોડાયા, ૨૦૨૪ની ચૂંટણીમાં એનડીએને ટક્કર આપવા ખાસ યોજના**




નવી દિલ્હી, તા.૧૮

વર્ષ ૨૦૨૪માં આવનારી લોકસભા ચૂંટણીના જંગમાં એનડીએનો સામનો કરવા ઘણી નાની-મોટી પાર્ટીઓ સાથે આવી છે. કોંગ્રેસ સહિતના ૨૬ વિરોધ પક્ષોએ ભાજપને સત્તા પરથી હટાવવા માટે નવો મોર્ચો બનાવ્યો છે અને તેનું નામ 'ઈન્ડિયા' રાખવામાં આવ્યું છે. જેની પાછળ પણ ઘણા કારણો હોવાનું કહેવાઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પર વિરોધ પક્ષોના સંગઠનના નવા નામની ઘણી ચર્ચા શરૂ થઈ ગઈ છે.૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસની યજમાનીમાં વિપક્ષોનો નવો મોર્ચો બની ગયો છે. આજે બેંગલુરુમાં ૨૬ વિરોધ પક્ષોની બેઠક દરમિયાન ગઠબંધનના નામ પર મહોર લાગી ગઈ. અત્યાર સુધી માનવામાં આવી રહ્યું હતું કે, વિરોધ પક્ષોના ગઠબંધનનું નામ યુપીએજ રાખવામાં આવી શકે છે.

જોકે, બપોરે ૩ વાગ્યા સુધીમાં સ્પષ્ટ થઈ ગયું કે, એનડીએની સામે આગામી ચૂંટણીમાં 'ઈન્ડિયા' લડશે. જી હા, આઈથી ઈન્ડિયા, એનથી નેશનલ, ડીથી ડેમોક્રેટિક, આઈથી ઈનક્લુસિવ અને એથી અલાયન્સ. ઈન્ડિયા નામ રાખવા પાછળ ઘણા કારણ હોઈ શકે છે. વિરોધ પક્ષના નેતાઓના ધડાધડ આવી રહેલા 'ચક દે ઈન્ડિયા'વાળા ટ્વિટથી સ્પષ્ટ થઈ ગયું છે કે, વિપક્ષે કયો દાવ ખેલ્યો છે. હવે ચૂંટણીમાં વારંવાર ઈન્ડિયા નામ સાંભળવા મળશે, જે રાષ્ટ્રવાદની ભાવનાથી ઓત-પ્રોત હશે. હકીકતમાં, ભાજપની આગેવાનીવાળું એનડીએ રાષ્ટ્રવાદની ઘણી વાતો કરે છે. માનવામાં આવી રહ્યું છે કે, એક નવી મૂવમેન્ટ ઊભી કરવા અને મોદી-શાહની જોડી સામે માહોલ ઉભો કરવા માટે ઘણું સમજી-વિચારીને આ નામ પસંદ કરાયું છે. સૂત્રોએ જણાવ્યું કે, રાહુલ ગાંધીએ વિપક્ષી મોર્ચાનું નામ 'ઈન્ડિયા' રાખવાનો પ્રસ્તાવ મૂક્યો, જેનો બધા પક્ષોએ સ્વીકાર કરી લીધો. હવે, ઔપચારિક જાહેરાત થવાની બાકી છે. ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ પણ ટ્વીટ કરી કહ્યું કે, 'તો આ વખતે ૨૦૨૪માં હશે, ટીમ ઈન્ડિયાવિ.ટીમ એનડીએચક દે ઈન્ડિયા!' નામ બદલવા પાછળ એક વિચાર એવો પણ હોઈ શકે છે કે, યુપીએ મોર્ચાથી ઘણા બધા સંકેત ૨૦૦૪ અને ૨૦૦૯ જેવા મળ્યા હોત. વિપક્ષો ઈચ્છે છે કે, એનડીએ સામે નવું અભિયાન શરૂ થાય. બની શકે છે કે, કોંગ્રેસ પર મોર્ચાનું નામ બદલવાનું દબાણ પણ રહ્યું હોય. યુપીએની આગેવાન કોંગ્રેસ હતી અને આ વખત કદાચ બધા વિરોધ પક્ષ હવે કોઈને આગેવાન માનવાના મૂડમાં ન હોય.

બીજી તરફ, રાષ્ટ્રીય જનતા દળએ ટ્વીટ કરી ભાજપ પર કટાક્ષ કર્યો. ટ્વિટમાં કહેવાયું કે, 'વિરોધ પક્ષોનું ગઠબંધન ભારતનું પ્રતિબિંબ છે. હવે ભાજપને ઈન્ડિયાકહેવામાં પણ તકલીફ પડશે.' જોકે, થોડી વાર પછી જ પાર્ટીએ આ ટ્વિટ ડિલીટ કરી દીધી. સોશિયલ મીડિયા પર ઈન્ડિયાગઠબંધનની ચર્ચા થવા લાગી છે. ભારતમાં ઈન્ડિયાવિ.એનડીએટ્રેન્ડ થવા લાગ્યું છે.બેંગલુરુમાં વિપક્ષી દળોની ચાલી રહેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે હવે તેમના જૂથનું નામ ઈન્ડિયારહેશે. કોંગ્રેસના નેતૃત્વમાં આ વિપક્ષી જૂથ અગાઉ યુપીએ તરીકે ઓળખાતું હતું. હવે આ તમામ વિપક્ષી પાર્ટીઓ ઈન્ડિયાગઠબંધનનો ભાગ બનશે. આ ઈન્ડિયાનું પૂર્ણ નામ 'ભારતીય રાષ્ટ્રીય લોકશાહી સર્વસમાવેશી જોડાણ' છે. બેંગલુરુમાં એકત્ર થયેલા તમામ વિરોધ પક્ષોની યાદીઃ કોંગ્રેસ, ટીએમસી, જેડીયુ, આરજેડી, એનસીપી, સીપીએમ, સૂપીઆઈ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, જેએમએમ, આમ આદમી પાર્ટી, શિવસેના (ઉદ્ધવ જૂથ), નેશનલ કોન્ફરન્સ, પીડીપી, આરએલડી, આઈયુએમએલ, કેરળ કોંગ્રેસ (એમ), એમડીએમકે, વીસીકે, આરએસપી, કેરળ કોંગ્રેસ (જોસેફ), કેએમડીકે, અપના દલ(કામેરાવાડી), એમએમકે, સીપીઆઈએમએલ.

બેંગલુરુમાં ચાલી રહેલી આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, મને ખુશી છે કે ૨૬ પાર્ટીઓ એકજૂથ થઈને કામ કરવા માટે હાજર છે. અત્યારે આપણા બધાની સાથે મળીને ૧૧ રાજ્યોમાં સરકાર છે. એકલા ભાજપને ૩૦૩ બેઠકો મળી નથી. તેઓએ તેના સાથીઓના મતોનો ઉપયોગ કર્યો અને સત્તામાં આવી અને પછી તેમને હાંકી કાઢ્યા.

## સાવરકુંડલા : કાણકીયા કોલેજમાં 'રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા' વિષય પર વ્યાખ્યાન યોજાયું

સાવરકુંડલા. તા.૧૮

સાવરકુંડલા કોલેજમાં સભાખંડમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) આયોજિત તથા અમરેલી જિલ્લા વિસ્તારક અજયભાઈ જીંજાળાનાં માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા' વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય તથા સમુહ પ્રાર્થનાની કરવામાં આવેલ. ત્યારબાદ કોલેજના પ્રિ.ડો.એસ.સી.રવિયા દ્વારા પ્રસંગિક ઉદબોધન કરવામાં આવેલ અને દેશ સેવા તથા રાષ્ટ્ર હિત જ સર્વોપરી છે. તે બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવેલ.

આજના વકતા મેહુલભાઈ ત્રિવેદી (પ્રિન્સિપાલ ગાધકડા સ્કુલ) દ્વારા રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા અંગે મનનીય પ્રવચન આપવામાં આવેલ. તેમણે પોતાનાં વ્યાખ્યાનમાં ભારત દેશ, આપણી સંસ્કૃતિ, આપણો વારસો અને વર્તમાન વિકાસ અંગે ઉંડાણપુર્વક વાતો કરી એક છાત્ર/





વિદ્યાર્થીની દેશ હિતમાં શું ભૂમિકા હોઈ શકે ? તે બાબતે ઘણા બધા દ્રષ્ટાંતો સાથે વાત કરેલ.
પશ્વિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ ન કરતા સમાજ સેવા / દેશ સેવા દ્વારા વ્યકિતત્વ વિકાસ કઈ રીતે થઈ શકે ? ચારિત્ર નિર્માણ કઈ રીતે થઈ શકે ? તે બાબતે તેમણે ઉંડાણપુર્વકની ચર્ચા કરેલ.

## રાજુલા : નોડલ ઓફિસર દ્વારા આરોગ્ય કામગીરીની સમીક્ષા





રાજુલા, તા. ૧૮

ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી અને ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફયુઝન અમદાવાદના ડાયરેકટર તથા અમરેલી જીલ્લાના નોડલ ઓફિસર ડો.રાજેશ ગોપાલ તેમજ જોઈન્ટ ડાયરેકટર બ્લડ ટ્રાન્સફયુઝન સર્વિસીસના ડો. કેતુલ અમીન દ્વારા સરકારી હોસ્પિટલ અને તાલુકા આરોગ્ય કચેરી, રાજુલાની મુલાકાત કરી આરોગ્ય વિષયક પરિસ્થિતિનો તાગ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં દર્દીઓ અને તબીબોના પ્રશ્નો સાંભળી સ્થળનું જાત નિરીક્ષણ કર્યુ હતું.

દર્દી દાખલ થાય ત્યાંથી લઈને ડિસ્ચાર્જ થાય ત્યાં સુધી તેને તમામ પ્રકારની ઉત્તમ સુવિધાઓ મળી રહે તે માટે સ્માર્ટ રેફરલ સિસ્ટમ,પેશન્ટ કેરિંગ, બ્લડ સ્ટોરેજ યુનિટ, ડાયાલિસિસ સેન્ટર, લેબરરૂમ, લેબોરેટરી અને ઈમરજન્સી વિભાગની મુલાકાત કરી લોકોને સારામાં સારી સારવાર થાય તે માટે હાજર સ્ટાફ પાસેથી જરૂરી માહિતી મેળવી લોકોને આરોગ્ય સેવા સરળતાથી મળી રહે તે માટે અધિક્ષક ડો. એચ.એમ. જેઠવા અને આર.એમ.ઓ. ડો. શકિતરાજ ખુમાણ સાથે જરૂરી ચર્ચા કરી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા જણાવેલ.

દર્દીઓના હેલ્થ રેકોર્ડને ડિજીટલી રાખતું આભા કાર્ડ, માતા અને બાળ આરોગ્ય સેવાઓ તેમજ યુ–વિન પ્લેટફોર્મ દ્વારા રસીકરણ સહિતની વિવિધ કામગીરી બાબતે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા પાસેથી વિગતવાર માહિતી મેળવી ચોમાસાની ઋતુમા વાહકજન્ય રોગચાળો ના ફેલાય તે બાબતે તકેદારી રાખવા જણાવેલ. ડો. રાજેશ ગોપાલ દ્વારા સરકારી હોસ્પિટલના વિવિધ વિભાગની મુલાકાત લઈ હોસ્પિટલ સ્ટાફ સાથે તેમના પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી ગુણવત્તાસભર સેવાઓ આપવાનુ જણાવી. રાજુલાને આરોગ્યની દ્રષ્ટિએ સમૃદ્ધ કરવા પર ભાર મુકેલ. આ પ્રસંગે અધિક્ષક ડો. એચ.એમ. જેઠવા, આર.એમ.ઓ. ડો. શકિતરાજ ખુમાણ, ટી.એચ.ઓ. ડો. નિલેશ કલસરીયા ઉપસ્થિત રહ્યા હતા. જે યાદીમા જણાવેલ છે.


## સા.કુંડલા : આંબરડી ખાતે ધો. ૬ થી ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓને માર્ગદર્શન અપાયું

સાવરકુંડલા, તા. ૧૮

મુખ્યમંત્રીના આદેશ મુજબ જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ ધોરણ ૬ થી ૧૨ નાં વિદ્યાર્થીઓનાં વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

આંબરડી સી.આર.સી. વસોયા હેતલબેન અને આઈ.ડી.એસ.એસ. બેલીમ યુસુફભાઈ દ્વારા આંબરડી કલસ્ટરની તમામ પેટા શાળાઓમાંથી આ સ્કોલરશીપની પરીક્ષામાં પાસ થયેલ અને મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરેલ તેવા વિદ્યાર્થીના વાલીઓને આ યોજનાની માહિતીથી માહિતગાર કરવામાં આવેલ.

તે અંતર્ગત આજે પહેલીવાર આટલી વિશાળ સંખ્યામાં વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા.



## મોટા આંકડીયા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા માતા તપાસનો કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૮

તા.૧૭/૭/૨૦૨૩ સોમવારનાં રોજ પ્રા આ કેન્દ્ર મોટા આંકડીયા ખાતે માતા તપાસનો કેમ્પ યોજાયો જેમાં મોટા આંકડીયા સેજાનાં ૨૭ સગર્ભા બહેનોની મેડીકલ ઓફિસર ડો.જાનકી પરમાર તથા ડો. કે.જી. મણવર દ્વારા તપાસ કરવામાં આવી જરૂરી દવાઓ વિનામૂલ્યે આપેલ તથા લેબ ટેક દ્વારા લેબોરેટરી કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સુપરવાઈઝર ફાર્માસિસ્ટ, એફએચડબલ્યુ, એમપીએચડબલ્યુ



તમામ આશાબેનો તથા સ્ટાફ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવેલ.

સમગ્ર કેમ્પ દરમિયાન સગર્ભા બેનને લાવવા મુકવા માટે ખીલખીલાટ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ.

### વિપક્ષોની બેંગલુરૂમાં બેઠકનો બીજો દિવસ

## શરદ પવારે વિપક્ષાની એકતા પર શંકા વ્યક્ત કરી


**અમને ખ્યાલ છે કે જો ભાજપને હરાવવા હોય તો આપણે એક થવું પડશે, આમાં કેટલીક સમસ્યાઓ છે, જેને અવગણી શકાય નહી : પવાર**

નવી દિલ્હી, તા.૧૮

આજે સતત બીજા દિવસે બેંગલુરુમાં વિપક્ષી દળોની બેઠક યોજાઈ રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, શરદ પવાર આજે બીજા દિવસે બેઠકનો ભાગ બનશે. આ દરમિયાન તાજેતરના ઈન્ટરવ્યુમાં શરદ પવારે વિપક્ષની એકતા પર શંકા વ્યક્ત કરી છે. તેને કહ્યું કે, ઘણી 'સમસ્યાઓ છે, જેને અવગણી શકાય નહીં'. અહેવાલ છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે વિપક્ષ લગભગ ૨૬ પાર્ટીઓ મંથન કરવા જઈ રહી છે.એક ઈન્ટરવ્યુમાં જયારે તેમને પૂછવામાં આવ્યું કે, શું વિપક્ષી એકતા વાસ્તવિકતા બની શકે છે? તેના પર પવારે કહ્યું કે, દરેકને લાગે છે કે દેશના હિત માટે તમામ વિપક્ષી દળોએ સાથે આવવું પડશે, પરંતુ આપણે એ પણ સમજવું પડશે કે વિપક્ષી એકતા સરળ નથી. ''અમને ખ્યાલ છે કે જો ભાજપને હરાવવા હોય તો આપણે એક થવું પડશે. આમાં કેટલીક સમસ્યાઓ છે, જેને અવગણી શકાય નહીં.પવારે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં, ઉદાહરણ તરીકે, તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ રાજકીય વિરોધી છે. કેરળમાં ડાબેરીઓ અને કોંગ્રેસ વિરોધી છે. તેમણે કહ્યું કે, જો આ મુદ્દાઓનું નિરાકરણ નહીં આવે તો ચૂંટણી પછી એકતાની શક્યતાઓ વિશે વિચારવું પડશે. તેમણે કહ્યું કે આપણે વિવિધ રાજકીય પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ.

# અમરેલી જિલ્લા સહકારી સંઘનાં ચેરમેન મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ ૬ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ






ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમની યોજના અન્વયે અમરેલી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે એમ.બી.પટેલ કન્યા વિદ્યાલય અમરેલી ખાતે ૬ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગની શુભ શરૂઆત સંઘના ચેરમેન મનીષ સંઘાણીના માગદશન હેઠળ શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારે સૌપ્રથમ વિદ્યાર્થીની બહેનોએ પ્રાર્થના કરી ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ દિપપ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી. ત્યારબાદ સંઘના ડિરેકટર અને શાળાના પ્રિન્સિપાલ અઢણાબેન માલાણીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ પ્રસંગોચિત વકતવ્યોમાં સૌપ્રથમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશીએ આવા શૈક્ષણિક વર્ગોનું મહત્વ સમજાવી વિદ્યાર્થીનીઓને આમાં ઉત્સાહભેર જોડાવાની અપીલ કરી પોતાની લાક્ષણિક શૈલીમાં સુંદર વકતવ્ય આપેલ. ત્યારબાદ અમરેલી જિલ્લા ખરીદ સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા દ્વારા અમૂલ, ઈફકો, ક્રિભકો વગેરે સહકારી સંસ્થાઓની વિગત આપી સમાજ માટે તેની ઉપયોગીતા જણાવી હતી. તેઓએ પોતાની આગવી શૈલીમાં ખૂબ સુંદર માર્ગદર્શન આપેલું હતું. ત્યારબાદ અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષ સંઘાણીએ સહકારનો અર્થ જણાવી વિવિધ પ્રકારની મંડળીઓની વિગતે વાત કરી વિદ્યાર્થીનીઓને આ પ્રવૃત્તિ સાથે કેવી રીતે જોડાવાય તેની સમજણ આપી હતી. તેઓએ કહ્યું હતું કે અર્થતંત્રમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં સહકારી મંડળી બનાવી તેના લાભો સામાન્ય માણસ સુધી ન પહોંચાડી શકાય. તેઓએ આગામી સમયમાં ભારત સરકાર દ્વારા આવનાર નવી સહકારી નીતિની વાત કરી જણાવેલ કે સરકાર કો–ઓપરેટીવ યુનિવર્સિટીઓ આપી આગામી સમયમાં સહકારી શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર ખૂબ જ વધારનાર છે. જેના દ્વારા યુવાનો માટે મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન પણ થવાનું છે. તેઓએ વિદ્યાર્થીની બહેનોને આ તાલીમ વર્ગમાં જોડાવા અપીલ કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ ભારત અને ગુજરાતની દૂધ ઉત્પાદનની શ્વેત ક્રાંતિની વિગતે વાત કરી હતી. અમૂલ ડેરી આજે વિશ્વના ૨૫૦ થી વધુ દેશોમાં પોતાની વિવિધ પ્રોડકટસનું વેંચાણ કરી ભારતનો ડંકો વિશ્વમાં વગાડેલ છે. આ પ્રવૃત્તિની સર્વો વ્યાપકતા અને વૈકિકક્ષાએ મહત્વ સમજાવી ખૂબ સુંદર માર્ગદર્શન આપેલું હતું. આ કાર્યક્રમમાં અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી ખરીદ વેંચાણ સંઘના મેનેજર સુરેશભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૭૮ જેટલી વિદ્યાર્થી બહેનોએ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવેલ છે. અંતમાં કાર્યક્રમની આભારવિધિ અમરેલી જિલ્લા સહકારી સંઘના ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદીએ કરી હતી. સમગ્ર યુવક વર્ગનું આયોજન સંચાલન અમરેલી જિલ્લા સહકારી સંદીપભાઈ ઠાકર કરી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં ખોડીયાણા અને આંબરડી

આવવાની ફરજ ના છૂટકે થઈ રહી છે. ત્યારે નિર્માણાધીન બ્રિજ અતિ મહત્વનો ખોડીયાણાવાસીઓ માટે છે ને હાલ ખોડીયાણા ગામ ભારે વરસાદને પૂરને કારણે બેટમાં ફેરવાઈ જતું હોય છે ને ડાયવર્ઝન ધોવાઈ જવાને કારણે વાહનચાલકો ફરીને આવન જાવન કરી શકે છે. પણ ગરીબ અને ખેત મજૂરોને વાહનોની સગવડતાઓ નથી તેવા પરપ્રાંતીય ખેતીકામ કરતા મજૂર વર્ગને ભારે હાલાકી વેઠવી પડતી હોય. ત્યારે જિલ્લા પંચાયતના સદસ્ય લાલભાઈ મોરે જણાવ્યું હતું કે, આંબરડી ગામનું અંતર ૪ કિલોમીટરનું છે ને આદસંગ ફરીને જઈએ તો ૨ કિલોમીટર જેટલું અંતર હાલ વધી રહ્યું છે પણ ડાયવર્ઝન ધાતર વડી નદીમાં પૂર આવતા ધોવાઈ જાય છે ને હમણાં ફરી હવામાન વિભાગ દ્વારા આગાહી આપવામાં આવેલ હોય જેથી ડાયવઝર્જન ફરી ધોવાઈ જવાની શકયતાઓ વધી છે. માટે હવામાન વિભાગની અતિ ભારે વરસાદની આગાહી બાદ ડાયવર્ઝન ફરી નવું બનાવીને રાબેતા મુજબની કામગીરી ખોડીયાણા વાસીઓને થઈ જશે ને ગરીબોને, ખેત મજૂરોને રાહત પણ થઈ જવાનું જિલ્લા પંચાયતના સદસ્ય લાલભાઈ મોરે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ એક અઠવાડિયા પહેલા જ આ ધાતરવડી નદીમાં પૂર આવતા માલધારીની ત્રણ ભેંસો તણાઈ ગઈ હતી ને બે ભેંસોનો સ્થાનિક આગેવાનોની જહેમતથી બચાવ થયેલ હતો ને ૧ ભેંસનું મોત થયું હતું. ત્યારે ડાયવર્ઝન ખૂબ જ જરૂરી હોય ને તંત્ર દ્વારા ભારે વરસાદની આગાહી બાદ ફરી શરૂ કરવામાં આવે તો ખોડીયાણા વાસીઓની મુશ્કેલીઓ દૂર થાય એ મહત્વનું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૬૧૫ |
| ૨ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૮૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૯૫ | ૨૩૩૬ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૩૦ | ૧૯૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૩૭૧ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૨૩૩ |
| ૭ | બાજરો | ૩૨૮ | ૪૧૩ |
| ૮ | જુવાર | ૬૬૬ | ૧૦૫૧ |
| ૯ | ઘઉં બંસી | ૪૭૧ | ૪૭૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૨ | ૫૧૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૩ | ૪૮૯ |
| ૧૨ | ચણા | ૭૫૨ | ૯૯૦ |
| ૧૩ | ચણા દેશી | ૯૮૧ | ૯૮૧ |
| ૧૪ | તુવેર | ૭૯૦ | ૧૮૭૧ |
| ૧૫ | કપાસ | ૮૧૬ | ૧૪૪૫ |
| ૧૬ | એરંડા | ૯૫૦ | ૧૨૨૧ |
| ૧૭ | જીરૂ | ૫૦૦૦ | ૧૧૧૨૫ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૩૬૮ |
| ૧૯ | ધાણી | ૧૩૨૦ | ૧૪૪૦ |
| ૨૦ | અજમા | ૨૩૬૦ | ૩૯૦૦ |
| ૨૧ | મેથી | ૧૧૮૦ | ૧૨૧૮ |
| ૨૨ | સોયાબીન | ૭૨૫ | ૯૩૪ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી પંથકમાં વધુ એક ઈંચ

લીલીયા પંથકનાં ઉપરવાસમાં વરસાદથી ખારી નદીમાં પુર આવ્યું હતું જયારે લીલીયા શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદી બે કાંઠે વ્હેતી થઈ હતી.

દામનગરને ભીજવતા મેઘરાજાએ સાંજના ધડબડાટી બોલાવી હતી. વરસાદ વરસાદ સર્વત્ર મેઘ મહેરથી બધી જગ્યાએ લીલી હરીયાળી છવાઈ ગઈ છે. દામનગર શહેરમાં આજે સાંજના સમયે મેઘરાજા મન મુકીને વરસી રહ્યાં હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૮ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૨૮૦ | ૧૩૭૦ |
| ૩ | ઘઉં | ૪૦૨ | ૪૮૮ |
| ૪ | ચણા | ૮૮૦ | ૯૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૫ | ૧૩૮૧ |
| ૨ | મગફળી | ૧૨૦૫ | ૧૩૨૬ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | ચણા | ૯૨૫ | ૯૫૧ |
| ૫ | ધાણા | ૭૧૦ | ૧૩૦૫ |
| ૬ | સોયાબીન | ૬૬૫ | ૯૦૯ |
| ૭ | તલ | ૩૦૦૫ | ૩૨૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૬૫૧ |
| ૨ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૧૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૨૫ | ૩૩૨૫ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૦૧૧ |
| ૫ | જીરૂ | – | ૧૧૧૫૧ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૩૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૦ |
| ૯ | બાજરો | ૪૨૧ | ૪૬૪ |
| ૧૦ | જુવાર | ૫૫૧ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૯૭૭ |
| ૧૨ | તુવેર | ૧૪૦૦ | ૧૮૮૬ |
| ૧૩ | એરંડી | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૫ | સોયાબીન | ૮૫૧ | – |

પાના ૮ ઉપરનું ચાલું
## ટ્રક ચાલકે હડફેટે લેતા

અંગેની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળેટોળા બનાવ સ્થળે એકત્રિત થયા હતાં. ત્યારે આ ઘટનાના અનુસંધાને ભાવનગર–સોમનાથ હાઈવે ઉપર એકઠા વાહનોના હિસાબે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને બે કલાક સુધી ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા. પરંતુ કોઈપણ જાતની અઘટિત ઘટના ન બને તે માટે રાજુલા પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે આ ટ્રાફિક ખુલ્લો કરાવેલો હતો. ત્યારે આ ઘટનાની જાણ પૂજાબાપુ ગૌશાળાને તેમજ જયરાજભાઈ વરૂ ગૌપ્રેમીને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવેલા અને અકસ્માતમાં મૃત્યુ પામેલી ગાયોને પૂજાબાપુ ગૌશાળામાં ખસેડવામાં આવેલ અને ત્રણ ગાયો ઈજાગ્રસ્ત હતી તેમને તાત્કાલિક રાત્રિના સારવાર માટેની વ્યવસ્થાઓ ગૌશાળાના મેનેજમેન્ટ દ્વારા તેમજ જયરાજભાઈ વરૂ દ્વારા કરવામાં આવી.

ઉપરોકત ઘટનાથી રાજુલા શહેરમાં ગૌ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો. વ્હેલી સવારે આ ઘટનાની ફરિયાદ રાજુલાના દિનેશભાઈ કથડભાઈ જીંજાળા રહેવાસી રાજુલા વાળાએ રાજુલા પોલીસ સ્ટેશનમાં આ અજાણ્યા ટ્રક ચાલક સામે ફરિયાદ આપતા આ ઘટના અંગે રાજુલા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને તમામ સીસીટીવી ફૂટેજ દ્વારા આ ટ્રક કયાંથી આવ્યો અને કઈ બાજુ ગયો તેની તપાસ હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદમાં ઘણા સમયથી ખુલ્લી ગટર

આ બંદરચોકમાં બાળકો, વૃદ્ધો તથા મહિલાઓની અવરજવર ચાલુ હોય અને રહેણાંકવાળો વિસ્તાર હોય અને આ ખુલ્લી ગટર કોઈનું રાહદારીઓનું મોતનું કારણ બને તો જવાબદારી કોની ? બંદરચોક પણ એસટી બસ સ્ટેશન હોય, અહીં લોકો, મુસાફરોની અવરજવર હોય, અમુક કારણોસર લાઈટ જતી રહી હોય અને આ ખુલ્લી ગટર કોઈ મુસાફરનો ચાલતા ચાલતા પગ ગળી જાય અને ભાંગી જાય તથા ફેકચર થાય તો જવાબદારી કોની ? આ બાબતે જાગૃત લોકો દ્વારા પણ રજૂઆત કરવામાં આવેલ છતાં નગરપાલિકાનાં જવાબદાર આંખ આડા કાન કરવામાં આવતા હોય તેવી લોકચર્ચાઓ આ ખુલ્લી ગટર કોઈ વ્યકિતને ગંભીર ઈજા કે કોઈ બાળક, વૃધ્ધ કે મહિલાઓ આ ખુલ્લી ગટરનો શિકાર ન બને તે પહેલા નગરપાલિકા ધ્યાન આપશે ? કે પછી હોતા હૈ ચલતા હૈ નગરપાલિકામાં સામાન્ય નાગરિકની રજૂઆત મૌખિક ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? શું કોઈ દુર્ઘટના ઘટે ત્યારે જાગશે ? આ બાબતે વહીવટી તંત્રમાં જો માનવતા જાગે તો આ અંગે કડક અને અસરકારક પગલાં ભરે કે પછી હોતા હૈ ચલતા હૈ.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૬૦૦ | ૯૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૬ | ૪૪૩ |
| ૩ | સોયા | ૮૪૦ | ૯૦૫ |
| ૪ | મગફળી | ૧૨૫૦ | ૧૪૨૫ |
| ૫ | શીંગ દાણા | ૧૬૯૫ | ૨૦૨૦ |
| ૬ | લસણ | ૧૧૩૫ | ૧૩૦૧ |
| ૭ | ધાણા | ૧૦૨૦ | ૧૨૫૫ |
| ૮ | તલ સફેદ | ૨૬૩૫ | ૩૨૦૦ |
| ૯ | બાજરો | ૪૦૫ | ૪૦૫ |
| ૧૦ | એરંડી | ૧૧૪૮ | ૧૧૪૮ |
| ૧૧ | રાજગરો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | મગ | ૧૪૩૫ | ૧૬૦૦ |
| ૧૩ | મકાઈ | ૪૯૨ | ૪૯૨ |

પાના ૮ ઉપરનું ચાલું
## વોન્ટેડ આરોપીની અટકાયત

અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સને.૨૦૧૧ થી ૨૦૧૩ ના વર્ષમાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલ અને ૪ ગુનાઓમાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા – ફરતા લીસ્ટેડ આરોપી રઘુ ઉર્ફે રાજુ હિરૂભાઈ ઉર્ફે હિરાભાઈ બાઘેલ (વાસકલીયા) ઉ.વ.૪૦, રહે.પનેરી, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ)ને ટેકનીકલ સોર્સ અને બાતમી અને હકિકતના આધારે મધ્ય પ્રદેશનાં અલીરાજપુર જિલ્લાનાં જોબટ તાલુકાનાં પનેરી ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી એસ.ટી. ડેપોનાં ટ્રાફિક કન્ટ્રોલર

અમરેલી બસ સ્ટેન્ડમાં ટી.સી. તરીકે ફરજ બજાવતા નિલેશ કે સોલંકીએ પોતાની ફરજ દરમિયાન છેલ્લા ત્રણ વર્ષમાં આવારા તત્વો સામે બાથ ભીડી અનેક મુસાફરોની ચોરાયેલ રકમ–દાગીનાં પરત અપાવી એક ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ પુરૂં પાડી રહેલ છે. ગુમ થયેલ યુવતી, બાળાઓને દુર દુરથી એસ.ટી.બસ મારફત પરત તેમનાં વાલીઓને સોંપવાની અનેક ઘટના સાથો સાથ ખિસ્સા કાતરૂંઓ સાથે જાનનાં જોખમે મુસાફરોની ગયેલ રકમ પરત અપાયેલ હતી. તાજેતરમાં જ એક પ્રવાસી મહિલાઓનો થેલો એક ગઠિયો તફડાવી ગયેલ હતો. આ થેલામાં સોનાના દાગીનાં મોબાઈલ સહીત દોઢ લાખ રૂપિયાનો મુદામાલ ચોરી થઈ ગયેલ હોવાથી આ મહિલા બસ સ્ટેન્ડમાં ફરજ બજાવતા નિલેશ સોલંકી પાસે જઈ પોતાની આપવીતી વર્ણવેલ હતી.આ કર્મચારીએ તાત્કાલિક અમરેલી–જેતપુર રૂટનાં બસ કંડકટરને જાણ કરી બસ રોકાવી તપાસ કરતા ગઠિયો થેલો બસમાં જ મુકીને નાસી છુટતા થેલો બિન વારસી મળી આવતા મહિલાને પરત કરેલ હતો. તેમજ તાજેતરમાં જ એક દિવ્યાંગ મુસાફરનું રૂા.૪૦ હજારનું પાકીટ પડી જતા નિલેશ સોલંકીનાં હાથમાં આવતા આ દિવ્યાંગ મુસાફરને શોધી પરત આપેલ હતું. ખરેખર આ કર્મયોગી કર્મચારીએ પોતાની ફરજ સોથ પોતાનાં જાનનાં જોખમે પરોપકારી કાર્યની બેમિસાલ જયોત જલાવેલ છે. જેની નોંધ પોલીસ વડા લઈ આ એસ.ટી.કર્મીને સન્માનિત કરવામાં આવેલ હતા.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૪૬૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૧૫ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૪૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૩૩ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ૮ | મગ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૯ | ચણા | ૭૦૦ | ૧૦૨૬ |
| ૧૦ | શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૫૪ |
| ૧૧ | સોયાબીન | ૯૨૦ | ૯૨૦ |

# સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ





આગામી સમયમાં શ્રાવણ માસ તથા મહોરમનાં તહેવારોને અનુલક્ષીને તા. ૧૮/૭/૨૦૨૩, મંગળ વારનાં રોજ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠક સાવરકુંડલા ડી.વાય.એસ.પી. હરેશ વોરા, ટાઉન પી.આઈ. એમ.એમ. સોની, પી.એસ.આઈ. પી.એમ. સીસોદીયાની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં હિન્દુ–મુસ્લિમ સમાજનાં આગેવાનોએ ભાગ લીધો હતો. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ આગામી તહેવારો કોમી એખલાસ અને ભાઈચારાથી શાંતિપૂર્વક સંપન્ન થાય તે માટેનો હતો. આ બેઠકમાં રાજુભાઈ શીંગાળા, કરશનભાઈ ડોબરીયા, દેવચંદભાઈ કપોપરા, પ્રવિણભાઈ સાવજ, રાજુભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, અનિરૂધ્ધસિંહ રાઠોડ, વિપુલભાઈ ભુપતાણી, મંજુલાબેન ચિત્રોડા, ઈકબાલ ગોરી, ઈરફાનભાઈ કુરેશી, રાજેશભાઈ, અજીતભાઈ વગેરે હિન્દુ–મુસ્લિમ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# અમરેલીમાં જિલ્લાકક્ષાનું એગ્રો એસોસીએશનનું વાર્ષિક સંમેલન યોજાયું









અમરેલીમાં તા. ૧૬/૭/૨૦૨૩ ને રવિવારનાં રોજ સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલમાં અમરેલી જિલ્લા એગ્રો ઈન્યુટ્સ એસોસીએશન દ્વારા આયોજિત અને સિન્જેન્ટા ઈન્ડીયા પ્રા.લી. દ્વારા પ્રાયોજિત એક ભવ્ય વાર્ષિક સંમેલન યોજાયું. આ વાર્ષિક સંમેલનમાં સમગ્ર અમરેલી જિલ્લાનાં તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી એગ્રોનાં વ્યવસાય સાથે સંકળાયેલા તમામ વેપારી મિત્રોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી ૮૦૦ થી વધારે વેપારી મિત્રોએ આ સંમેલનમાં પધારી સંમેલાનને સફળ બનાવ્યું હતું. આ વાર્ષિક સંમેલનમાં કૌશિકભાઈ વેકરીયા નાયબ મુખ્ય ઉપદંડક, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ, તેમનાં ઉદબોધનમાં કૌશિકભાઈએ જણાવેલ કે આપ સૌ વેપારી મિત્રો ખેડૂતોને મોરગેજ વગર જંતુ, દવા તેમજ બિયારણ આપીને ખેડૂતોને ઉત્પાદનમાં અને રાષ્ટ્ર વિકાસમાં મહત્વનું યોગદાન આપો છો. એ બદલ હું તમામ વેપારી મિત્રોને બિરદાવું છું. અન્ય મહાનુભાવોમાં અરવિંદભાઈ ટીંબડીયા, (સેક્રેટરી ઓલ ઈન્ડીયા એગ્રો એસોસીએશન) ડો.એચ.એમ.ગાજીપરા (નિવૃત વિસ્તરણ શિક્ષણ નિયામક, જુ.કુ.યુ.) ડો.જી.આર.ગોહિલ, (નિવૃત સહ વિસ્તરણ શાસ્ત્રી જુ.કુ.યુ) ભાવેશભાઈ પીપળીયા (નાયબ ખેતી નિયામક વિસ્તરણ અમરેલી) પરેશભાઈ નારોલા (મ.ખેતી અમરેલી) વિક્રમસિંહ ગોહિલ (પ્રમુખ તળાજા એગ્રો એસોસીએશન) સિન્જેન્ટા ઈન્ડીયાનાં મુકેશ શુકલા (ડીવીઝનલ માર્કેટીંગ હેડા અને વિપુલ ખમાર ( બિજનેશ મેનેજર) પધારીને કૃષિલક્ષી વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. આ સમગ્ર વાર્ષિક સંમેલનને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા એગ્રો ઈન્યુટક્ષ એસોસીએશનનાં હોદેદારોમાં સર્વ રમેશભાઈ કાથરોટીયા (જિલ્લા પ્રમુખ), મેહુલભાઈ ધોરાજીયા ( જિલ્લા ઉપપ્રમુખ) અતુલભાઈ ભાદાણી, ( જિલ્લા ઉપપ્રમુખ) ભાવેશભાઈ આરદેસણા (મંત્રી), કાનજીભાઈ લાખાણી (સહમંત્રી), મહેશભાઈ ફળદુ ( ખજાનચી તેમજ ગુજરાત ફેડરેશન મેમ્બર્સ કિરણભાઈ પટેલ, પ્રણવભાઈ વિરાણી અને નરેશભાઈ કુંજડીયા ઉપરાંત તાલુકા પ્રમુખએ કે.બી.ગોંડલીયા (અમરેલી), દિનેશભાઈ પોંકીયા (બાબરા) અતુલભાઈ કાછડીયા (લાઠી), મહેશભાઈ કાછડીયા (વડીયા) જયસુખભાઈ ધાડીયા (બગસરા), અરવિંદભાઈ લીંબાસીયા (ચિતલ) વિનુભાઈ કાથરોટીયા (ધારી), ભગુભાઈ ભુકણ (ખાંભા) હિંમતભાઈ હડીયા (રાજુલા), ધીરૂભાઈ વઘાસીયા (સા.કુંડલા) રસિકભાઈ લાઠીયા (દામનગર), ભાવેશભાઈ ડોબરીયા (જાફરાબાદ) રજનીભાઈ વોરા (લીલીયા) અરવિંદભાઈ પાનસુરીયા (ચલાલા) બાવકુભાઈ બોરીચા (વિજપડી), પરેશભાઈ રાણપરીયા (કુંકાવાવ, તેમજ કોર કમીટીનાં સભ્યો જગદીશભાઈ તળાવીયા, બીરેનભાઈ કાબરીયા, જૈમિનભાઈ પરવાડીયા, પ્રવિણભાઈ ડુંગરાણી, નવનીતભાઈ ધાનાણી, તેમજ અમરેલી એગ્રો ઈલેવન, કારોબારી સભ્યઓ અને અન્ય હોદેદારો દ્વારા સતત પ્રયત્નશીલ રહીને આ વાર્ષિક સંમેલનને સફળ બનાવવા મહત્વપુર્ણ યોગદાન આપેલ.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂ વેચવો ભારે પડે જ

## સૂત્રાપાડા : દારૂ વેચવો પડયો મોંઘો, એસ.પી.એ પોલીસકર્મીને કર્યા સસ્પેન્ડ

### ૩ જી.આર.ડી. જવાનને પણ કર્યા બરતરફ

ઉના, તા. ૧૮

ગીરસોમનાથનાં સૂત્રાપાડા પોલીસકર્મી અને જી.આર.ડી. જવા દ્વારા કારમાંથી પકડેલો દારૂનો જથ્થો બુટલેગરો વેંચી દેવા મામલે જિલ્લા પોલીસ વડા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સૂત્રાપાડા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાવસી બારડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાથે દારૂ વેચાવના કારસ્તાનમાં સંડોવાયેલા ૩ જેટલા જી.આર.ડી. જવાનને બરતરફ કરવામાં આવ્યા છે.

આજે ચારેય આરોપીને રિમાન્ડ આપવામાં આવ્યા હતા. તે દરમિયાન રિમાન્ડની કાર્યવાહી પૂર્ણ થતા તમામને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

સુત્રાપાડા પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ ભાવસી બારડ અને ૩ જી.આર.ડી. જવાને ચેકીંગ દરમિયાન દારૂ ભરેલી કાર પકડી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. તેમજ આરોપીને છોડી મૂકયો હતો. ત્યારબાદ આ દારૂનાં જથ્થા અંગે ઉપરી અધિકારીને જાણ કર્યા વગર પોલીસકર્મી અને જી.આર.ડી. જવાનોએ બારોબાર સ્થાનિક બુટલેગરને દારૂનો જથ્થો વેંચી રોકડી કરી લીધી હતી. જે મામલાની જાણ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાને થઈ હતી. ત્યારબાદ જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક પોલીસને જવાબદારો સામે ગુનો નોંધવા આદેશ કર્યો હતો. એસ.પી.નાં આદેશ બાદ પોલીસે ચારેય સામે ગુનો નોંધી આજે રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થયા બાદ સસ્પેન્ડ અને બરતરફ સુધીની કાર્યવાહી કરવામાં આવી છે.

જી.આર.ડી. જવાનમાં દિનેશ સોલંકી, વિજય કામળીયા અને કાનજી જાખોત્રાને બરતરફ કરી તમામને જેલ હવાલે કર્યા છે, તેમજ આગામી દિવસોમાં અમુક ભ્રષ્ટ પોલીસ કર્મચારી અને અધિકારીઓમાં દાખલો બેસે તે માટે કાર્યવાહી કરવામાં આવી છે. જેને લઈ અન્ય ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

## અમરેલી : બાલભવન દ્વારા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ સ્પર્ધા યોજાશે

અમરેલી, તા. ૧૮

ગુજરાત કાઉન્સિલન્સ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાતની સૂચના એવમ માર્ગદર્શન અનુસાર ડીસ્ટ્રીકટ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી દ્વારા યોજાનાર જિલ્લા કક્ષાની નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (એન.સી.એસ.સી.) પ્રતિયોગીતામાં જિલ્લાનાં મહત્તમ વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી સહભાગી થવા અનુરોધ કરાયો છે.


શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન - સંચાલિત
શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર
(૧૦૦% નિઃશુલ્ક હોસ્પિટલ)
ખાદી કાર્યાલય કેમ્પસ, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા જિ. અમરેલી-ગુજરાત.
નિઃશુલ્ક નિદાન - સારવાર કેમ્પ
HCG હોસ્પિટલ રાજકોટના સહયોગથી
તારીખ ૨૨-૦૭-૨૦૨૩ ને શનિવાર - સમય : બપોરે ૧૧:૦૦ થી ૨:૦૦ સુધી
ડૉ. શ્વેતા ટીલાળા (Dr NB) (મેડિકલ ઓન્કોલોજીસ્ટ)
કિમો થેરાપી, બ્લડ કેન્સર, લીમ્ફોમા, મલ્ટીપલ માઈલોમા ઈમ્યુનો - ટાર્ગેટેડ થેરાપી, કોમ્બીનેશન થેરાપીના નિષ્ણાંત
તારીખ ૨૩-૦૭-૨૦૨૩ ને રવિવાર - સમય : બપોરે ૧૧:૦૦ થી ૨:૦૦ સુધી
ડૉ. રેનિશ બેરા MBBS, MD, DM કાર્ડિયોલોજી - હૃદયને લગતા તમામ રોગોના નિષ્ણાંત
એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી, હાઈ બ્લડ પ્રેશર (બીપી), હૃદય રોગનો હુમલો, શ્વાસોશ્વાસની તકલીફ હોવી, છાતીમાં દુઃખાવો થવો, હાર્ટ ફેઈલ્યર, વાલ્વની તકલીફ, પેસમેકર ઈમ્પ્લાન્ટેશન.
ડૉ. પાર્થ લાલચેતા MBBS, M.C.H ન્યુરો સર્જન - મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત
મગજમાં પાણીનો ભરાવો, બ્રેઈન સ્ટ્રોક, માથાનો દુઃખાવો, બ્રેઈન હેમરેજ, યાદશકિત નબળી થવી કે ચકકર આવવા મણકામાં ફ્રેકચર કે ચેપ હાથ-પગમાં ઝણઝણાટી થવી.
ડૉ. પાર્થ હિંગોલ MBBS, MS, ENT કાન, નાક, ગળાના રોગોના નિષ્ણાંત
કાન, નાક તથા ગળાના રોગો, કાનમાં રસી, ફુગ, કાણા, મસા, નાકની એલર્જી, સાયનસ.
કેમ્પની અન્ય માહિતી માટે મોબાઈલ નંબર 98986 43399 પર સંપર્ક કરશો


## અધિક માસની અમૃતધારા



### પુરૂષોત્તમ માસનું મહાત્મ્ય

પતિતપાવન પુરૂષોત્તમ માસ સુવિચાર, પુનિત વાણી અને સુકર્મો જાણવાની જ્ઞાનરૂપી વાવ સમાન છે. કામ, ક્રોધ અને મદની ભવાટવીમાં માર્ગ ભુલેલા મનુષ્યોને પાપમય અંધકારમાંથી બહાર લાવી મોક્ષ માર્ગે વાળનાર આ પાવન પર્વ એકગણું વાવી હજારગણું લણી આપનાર પુણ્યક્ષેત્ર સમાન છે.


આ કળિયુગમાં તેજોમય ભગવાન પુરૂષોત્તમને પાપવાનો આ ઉત્તમ મહિનો છે. મોહમાયાનાં અંધકારમાં ડૂબેલા એવા માણસોને જ્ઞાન આપી સન્માર્ગે વાળનાર વિષ્ણુ ભગવાનનો અદ્વિતીય અધિક માસ છે.

સ્નાન, ધ્યાન, દાન અને ઉપવાસથી પ્રગટ થતી ધર્મ, કર્મ, અર્થ એન મોક્ષરૂપી પુરૂષોત્તમ માસની કથાઓ અને મહાત્મ્ય મનનીય છે.

અધિક માસને મળમાસ કહેવામાં આવે છે. : જીવન જીવવામાં યોગ્ય અને અયોગ્ય વ્યવહાર રૂપ મળ દુર કરવા પ્રભુસ્મરણમાં સમય કાઢી જીવનનો મળ દુર કરવાનો આ માસ છે.

અસત્ય એ વાણીનો મળ છે.
પ્રચંચ એ ચિત્તનો મળ છે.
નિંદા એ મનનો મળ છે.
વિકાર એ અંતઃ કરણનો મળ છે.

માનવીનાં જીવનમાં પેદા થયેલા આ મળને દુર કરી એન એના અંતઃકરણને શુદ્ધ કરનાર આ પુરૂષોતમ મહિનાનો મહિમાં અનોખો છે. જે મનુષ્ય શ્રદ્ધા–ભકિતથી આ માસને પુજે છેઃ વ્રત, જપ, ઉપવાસ કરે છે. તેના દુઃખદારિદ્ર નાશ પામે છે અને તેનાં તમામ પાપો બળીને ભસ્મ થઈ જાય છે. અને તે પ્રભુ શ્રી પુરૂષોત્તમનું સાંનિધ્ય પામે છે. **(ક્રમશઃ)**



સંપાદક : મહેન્દ્ર જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

## જાગૃત નાગરિકે પાલિકામાં રજુઆત કરી સા.કુંડલામાં રોગચાળો અટકાવવા સ્વચ્છતા અભિયાન અને દવા છંટકાવની કામગીરી શરૂ કરો

### સામાન્ય તાવ, શરદીનું પ્રમાણ વધી રહયુ છે

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેરમાં વરસાદ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકે એ પહેલા શહેરમાં ડીડીટી છંટકાવ તેમજ ફોગ મશીનની કામગીરી હાથ ધરવા માટે સાવરકુંડલા ચીફ ઓફિસર અને પ્રમુખને લેખિત રજુઆત કરી હતી.

આમ તો ચોમાસાની ઋતુમાં શરદી, ઉધરસ, તાવ તેમજ આંખનાં રોગોનું પ્રમાણ વધતુ હોય. આ પ્રકારની બિમારીઓ વધુ ફેલાઈએ પહેલા નગરપાલિકા દ્વારા હેલ્થ સેનિટેશન કામગીરી જેવી કે ડીડીટી છંટકાવ, ફોગીંગ મશીનની કામગીરી કરવી જરૂરી હોય એમ આમ જનતા ઈચ્છે છે.

શકય હોય તો ઘરે ડોર ટુ ડોર ફરીને કલોરિન ટીકડીઓનું વિતરણ પણ કરવામાં આવે તો પાણીજન્ય રોગો સામે રક્ષણ મળે. આમ નગરપાલિકા દ્વારા આરોગ્યલક્ષી સેવા સમગ્ર શહેરનાં તમામ વિસ્તારોમાં કરવામાં આવે તેવી સોહિલ શેખ દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં હતી.

આમ ગણીએ તો હેલ્થ ઈઝ વેલ્થએ સૂત્રને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા સત્વરે આ અંગે ઘટતું કરવું એ સમયની માંગ છે. અને લોકમાંગ પણ છે.

### પૂ. મહંત જેરામબાપુની ઉપસ્થિતિમાં

## બગસરા : આપાગીગા મંદિર ખાતે અધિક શ્રાવણ માસમાં વિષ્ણુયાગ મહાયજ્ઞ યોજાયો

### સમગ્ર મહિના દરમિયાન ધાર્મિક કાર્યક્રમો યોજાશે

બગસરા, તા. ૧૮

અહીંનાં સુપ્રસિધ્ધ પૂ. શ્રી આપાગીગાની ગાદી મંદિરમાં આવતા અધિક શ્રાવણ માસમાં વિશ્વનાં લોક કલ્યાણનાં હેતુથી ભગવાન શ્રી પુરૂષોતમ માસમાં શ્રી વિષ્ણુયાગ મહાયજ્ઞ પૂજા આખો માસ યજ્ઞ વિધિ રાખવામાં આવેલ છે. તા. ૧૮/૭/૨૩ને મંગળવારે સવારે ૮:૩૦ કલાકે ગાદી મંદિરનાં પૂ. મહંતશ્રી જેરામબાપુની વિશેષ ઉપસ્થિતિમાં મહાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તો આ અવસરે મહાયજ્ઞમાં આપશ્રી પરિવાર સહિત સહભાગી બનવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું. વિશેષ આખા માસ દરમ્યાન વિશેષ પૂજન ત્રીશોપચાર પૂજા, શ્રી લક્ષ્મી સાધના પૂજા, શ્રી સત્યનારાયણ દેવ કથા રાખવામાં આવશે. મહાયજ્ઞની પૂર્ણાહૂતિ તા. ૧૬/૮/૨૦૨૩ ને બુધવારનાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે બિડુ હોમવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા ગાદી મંદિરનાં સેવક પરિવાર તેમજ કોઠારી શ્રી હરીબાપુ જહેમત ઉઠાવી રહ્યાં છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

### ગુજરાતમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થયો

## કોડીનારમાં ૫ ઈંચ, અમરેલીમાં રસ્તા પર નદીઓ વહેતી થઇ

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માથે એક બાદ એક વરસાદી સિસ્ટમ સક્રિય થતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ બઘડાટી બોલાવી છે. મધ્ય ગુજરાતના પંચમહાલ જિલ્લાના ઝાંબુઘોડા તાલુકામાં પણ નોંધપાત્ર વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે ગીર સોમનાથમાં મેઘતાંડવ જોવા મળી રહ્યો છે. આંકડા પર નજર કરીએ તો કોડીનારમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે, જેને લઈને રોડ પર પાણી ભરાયા છે. બીજી તરફ અમરેલીમાં પણ ધોધમાર વરસાદને પગલે શહેરના રસ્તાઓ પર રીતસર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જ્યારે સુરતમાં પણ ધમધોકાર વરસાદથી સાર્વત્રિક જળબંબાકારની સ્થિતિ છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં હજી પણ મેઘરાજાએ વિરામ લીધો હોય તેવી સ્થિતિ છે. જો કે, સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે અનેક વિસ્તારોમાં ઝાપટું પડ્યું છે. હાલ (મંગળવારે સાંજે ૪ વાગ્યે) અંધારિયું છવાયું છે. પૂર્વ અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. મહત્વનું છે આજે અમદાવાદમાં ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.


## અમરેલી નાગરિક સહકારી બેંક લી.

### સોનાના દાગીના સામે ધિરાણ મેળવનાર પૈકી મુદતવીતી બાકીદારોના દાગીનાની હરરાજી/વેચાણની

### જાહેર નોટિસ

| ક્રમ | ખાતા નં. | અરજદારનું નામ | ગામનું નામ | તારીખ : ૩૦–૦૬–૨૦૨૩ ના રોજ બાકી રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૯૦૫૫૫ | હિંમતભાઇ વાલજીભાઇ પરમાર | અમરેલી | ૨૯૧૫૪.૦૦ |
| ૨ | ૯૦૫૭૬ | મુકેશભાઈ દેવશીભાઈ બારૈયા | અમરેલી | ૧૭૪૭૯.૦૦ |
| ૩ | ૯૦૬૬૭ | ઉમેશભાઈ નટવરલાલ જયપાલ | દામનગર | ૩૪૮૭૯.૦૦ |
| ૪ | ૯૦૯૧૭ | ઉમેશભાઈ સોમનાથભાઈ જોષી | લાસા | ૩૮૧૪૯.૦૦ |
| ૫ | ૯૧૧૩૦ | ઘનશ્યામભાઈ દેવશીભાઈ પરમાર | અમરેલી | ૭૨૩૭૫.૦૦ |
| ૬ | ૯૧૧૪૭ | મેહુલભાઈ વિહાભાઈ ઝાપડા | કાઠમા | ૬૨૦૧૩.૦૦ |
| ૭ | ૯૧૨૮૪ | અશોકભાઈ છગનભાઈ મકવાણા | અમરેલી | ૨૬૩૪૧.૦૦ |
| ૮ | ૯૧૨૯૭ | આશાબેન ભાવસિંગભાઈ પરમાર | અમરેલી | ૩૪૩૫૯.૦૦ |
| ૯ | ૯૧૩૭૪ | અશ્વિન વિનુભાઈ જાદવ | અમરપુર વરૂડી | ૪૫૭૨૪.૦૦ |
| ૧૦ | ૯૧૪૧૧ | શાંતિભાઈ સોમાભાઈ ભાસ્કર | હરીપુર | ૧૧૪૨૭.૦૦ |
| ૧૧ | ૯૧૪૨૬ | ગીરીશભાઈ રવજીભાઈ ખેતરીયા | લાપાળીયા | ૨૫૧૩૦.૦૦ |
| ૧૨ | ૯૧૪૩૬ | કિશોરભાઈ તેજાભાઈ પરમાર | સલડી | ૧૮૨૭૬.૦૦ |

ઉપરોકત બાકીદારોને સોનાના દાગીનાના ધિરાણની વ્યાજ વગેરે ખર્ચ સહિતની આશરે લેણી થતી રકમ ભરી આપવા અગાઉ ફોનથી તથા નોટિસ દ્વારા સૂચના આપેલ છે. છતા તેઓએ બેંકની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી આ જાહેર નોટિસ દ્વારા ઉપરોકત તમામ બાકીદારોને જાણ કરવામાં આવે છે કે તારીખ : ૨૫–૦૭–૨૦૨૩ ને મંગળવાર સુધીમાં તેઓના ખાતાની બાકી નીકળતી રકમ ભરપાઈ કરી દાગીના છોડાવી જવા સુચના આપવામાં આવે છે. અન્યથા ત્યારબાદ કોઈપણ તારીખે બેંક દ્વારા તમારા દાગીનાઓનો તમારા ખર્ચે અને જોખમે હરરાજી–વેંચાણથી નિકાલ કરી રકમ વસુલ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. ઉપરોકત રકમમાં ફેરફાર હશે તો બેંકના રેકર્ડ મુજબની રકમ માન્ય રાખવામાં આવશે.

સ્થળ : અમરેલી
તારીખ : ૧૮–૦૭–૨૦૨૩
ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૦૦૦

એન.એસ. ખીમાણી, આસીસ્ટન્ટ રીકવરી ઓફીસર
એ.એમ. નાકરાણી, રીકવરી ઓફીસર
ડી.વી. ધોરાજીયા, મેનેજર

બોર્ડ ઓફ ડિરેકટર્સની સુચનાથી

## રાજુલાનાં હિંડોરણા ગામ ચોકડી નજીક માર્ગ પર બેસેલ ૧૦ ગૌ–માતાને ટ્રકે હડફેટે લીધી

# અરેરાટી : ટ્રક ચાલકે હડફેટે લેતા ૭ ગાયનાં કમકમાટીભર્યા મોત

**એક તરફ ગૌ-માતાનાં નામે રાજકારણ રમવામાં આવે અને બીજી તરફ ગૌ-માતા કમોતે ભેટી રહી છે**

**મોડી રાત્રિનાં અજાણ્યા ટ્રક ચાલકે માર્ગ ઉપર બેસેલ ગાયોને હડફેટે લીધી**

**ઈજાગ્રસ્ત બનેલ ૩ ગાયોની રાજુલાની પૂજાબાપુ ગૌ-શાળાનાં સંચાલક દ્વારા સારવારની વ્યવસ્થા કરાઈ**

**જીવદયા પ્રેમી દિનેશભાઈ જુંજાળાએ અજાણ્યા ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**







અમરેલી, તા. ૧૮

રાજુલાના હિંડોરણા નજીક આવેલ જય માતાજી હોટલ પાસે ગઈ મોડી રાત્રિ દોઢેક વાગ્યાના એક અજાણ્યા ટ્રક ચાલકે રોડ ઉપર બેઠેલ ૧૦ જેટલી ગાય ઉપર ટ્રક ચડાવી દઈ અને હડફેટે લીધી હતી. આ ગંભીર અકસ્માત કરીને અજાણ્યો ટ્રક ચાલક નાશી ગયો હતો. આ અકસ્માતમાં કુલ ૧૦ ગાયને હડફેટે લેતા જેમાં સ્થળ ઉપર સાત ગાયોનાં મૃત્યુ થયાનું જયારે ત્રણ ગાયને ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડાયેલ હોવાનું સત્તાવાર રીતે જાણવા મળેલ છે.

આ ઘટનાની જાણ રાજુલા પોલીસને થતાં રાજુલા પોલીસ ઘટના સ્થળે દોડી આવેલ હતી. ગત રાત્રીના જાગરણ હોય અને આ અકસ્માત

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# અમરેલી જિલ્લાનાં ૪ ગુન્હામાં વોન્ટેડ આરોપીની અટકાયત

**છેલ્લા ૧૧ વર્ષથી આરોપી નાસતો ફરતો હતો**

અમરેલી, તા.૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જિલ્લામાં અલગ–અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓને અંજામ આપી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ઘણા લાંબા સમયથી નાસતા – ફરતા અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ ટોપ–૧૦ નાસતા–ફરતા આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવેલ અને આ આરોપીને પકડી પાડવા– આરોપી દીઠ રૂા.૧૦,૦૦૦ ની જાહેરાત કરેલ હતી. અને આ લીસ્ટેડ આરોપીઓને પકડી પાડવા

અનુસંધાન પાના ૬ ઉપર



### વિકાસ, વિકાસ અને વિકાસની ગુલબાંગો વચ્ચે કડવી વાસ્તવિકતા

# લ્યો બોલો : જાફરાબાદમાં ઘણા સમયથી ખુલ્લી ગટર શહેરીજનોને ડરાવતી હોય શાસકોને ચિંતા નથી

**કોઈ અકસ્માતની ઘટના બનશે તો જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન**





તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદમાં બંદચોકમાં આવેલ ખુલ્લી ગટરમાં કોઈ બાળક રમતું રમતું પડી જાય તો જવાબદારી કોની ? આ ખુલ્લી ગટર માટે ત્યાંનાં દુકાનધારકોએ મોબાઈલ ફોન દ્વારા રજૂઆત તથા મૌખિક રજૂઆત કરી પરંતુ કોઈપણ નગરપાલિકાનાં જવાબદાર લોકો આ ખુલ્લી ગટર જોવા કે ડોકાવા પણ આવતા નથી તો શું કોઈ ઘટના બનશે ત્યારે જોવા આવશે ? હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

### આવારા તત્વો સામે બાથ ભીડવા કે મુસાફરોની મદદ કરવા બદલ

# અમરેલી એસ.ટી. ડેપોનાં ટ્રાફિક કન્ટ્રોલર એન.કે. સોલંકીનું શ્રેષ્ઠ કામગીરી બદલ પોલીસ વડા દ્વારા સન્માન

**મુસાફરોનો બસમાં મુકાયેલ મુદ્દામાલ પણ તેઓ પરત અપાવતા હતા**



અમરેલી, તા. ૧૮

અમરેલી એસ.ટી. ડેપોમાં ટી.સી. તરીકે ફરજ બજાવતા કર્મચારી પોતાની ફરજ સાથે જાનનાં જોખમે આવારા તત્વો તસ્કરો સાથે બાથ ભીડી મુસાફરોનાં છીનવાય ગયેલ દાગીનાં રોકડ રકમ પરત અપાવનાર કર્મયોગી કર્મચારીને પોલીસ મહાનિરીક્ષક દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા. અમરેલી બસ સ્ટેન્ડમાં આવારા તત્વોની ચુંગાલમાં ફસાયેલ પર પ્રાંતીય પરણીતાને પણ જાનનાં જોખમે બચાવી માનવીય દ્રષ્ટાંત પુરૂ પડેલ હતું.

પ્રાપ્ત વિગત મુજબ

અનુસંધાન પાના ૬ ઉપર

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉર્જામંત્રીને રજૂઆત

# ખેડૂતોનાં એક જ ખાતામાં સર્વે નંબર અલગ હોય પરંતુ જમીન સળંગ હોય તો વીજ કનેક્શન ફાળવો

**ખેડૂતોનાં હિતમાં નિર્ણય કરવા માંગ કરાઈ**

અમરેલી, તા. ૧૮

રાજયનાં તમામ ખેડૂતોને સ્પર્શતા અતિ મહત્વનાં પ્રશ્નની રજૂઆત રાજયનાં ઉર્જામંત્રીને અમરેલીનાં યુવાન ધારાસભ્ય અને વિાનસભાનાં નાયબ મુખ્ય દંડક કોશિક વેકરિયા દ્વારા કરવામાં આવી છે. એક જ ખેડૂત ખાતેદારની ખેતીની જમીન હોય અને એક જ ખાતામાં સર્વે નંબરમાં પાણીનાં દાર/કૂવા હોય તો વીજ કનેકશન બંને સર્વે નંબર માટે સળંગ જમીન હોવા છતાં હાલની સ્થિતિએ અલગ અલગ લેવા પડે છે.



આવી સળંગ જમીન રાવતા ખેડૂતો તેમના હાલ જે સર્વે નંબરમાં વીજ કનેકશન હોય, તેમાંથી લોડ વહેંચણી કરી એક જ કનેકશનમાંથી દાર કે કુવા પર એમ બન્ને જગ્યાએ તેમની પાસેનાં કનકશન મુજબ લોડ વહેંચણી કરી ઉપયોગ કરી શકે તો ખેડૂતોને બહુ મોટી રાહત મળી રહે તેમ છે. આવા સળંગ સર્વે નંબરની જમીન માટે ખરાઈ કરી રેવન્યુ તલાટી પાણી પત્રક નં.૧૬ કાઢી આપે અને તે પી.જી.વી.સી.એલ. માન્ય ગણે તે માટે યોગ્ય કરવા રાજયનાં ઉર્જામંત્રીને કૌશિક વેકરિયા દ્વારા પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

### એસપીની સુચનાથી સીટી પોલીસની કામગીરી

# અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં જુગાર રમતાં પાંચ ઈસમોની અટકાયત

**પોલીસને જોઈ ભાગવા જતાં તમામને ઝડપી લેવાયા**

અમરેલી, તા. ૧૮

અમરેલી સીટી પોલીસને બાતીરાહે હકીકત મળેલ કે અમરેલી કુંકાવાવ જકાતનાકા સુળીયાટીંબા વિસ્તારમાં પાંચ ઈસમો તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ છે. તેવી હકીકત મળતા પોલીસ હકીકતવાળી જગ્યાએ જતાં જાહેરમાં કેટલાંક ઈસમો જુગાર રમતા હોવામાં આવતા જેઓ પોલીસને જોઈ ભાગવા જતાં જેઓને જેમના તેમ બેસાડી દઈ કુલ ૫ ઈસમો વિજયભાઈ ભાખરભાઈ ચાવડા, સીદીશા બાદરશા રફાઈ, ફીરોજશા સીદીશા રફાઈ સહિતનાઓને રોકડા રૂા. ૩૧૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨



Since 1986 બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

જીવનમાં વિચારવા જેવું 'બરફ' અને 'તક' એક સમાન છે. જેમ બરફ સમય જતાં પીગળી જાય તેમ હાથમાં આવેલી તક પણ સમય જતાં જતી રહે છે.

લાઈવ રેટ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)